
॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પરોપકારી સંત મુળદાસ



મહાત્મા સંત મુળદાસ



સદ્‌ગુરુ શ્રી ગુણાતીતાનંદ સ્વામી



સદ્‌ગુરુ શ્રી મુક્તાનંદ સ્વામી

પ્રકાશક : શ્રી સ્વામિનારાયણ મંદિર સંસ્કાર કેન્દ્ર, અમરેલી

અનુક્રમણિકા

૧)	સંત પરમહિતકારી	૨
૨)	સૌરાષ્ટ્રની ધીંગી ધરા	૪
૩)	પુત્રમાં પ્રાણ પૂર્યો.	૭
૪)	જીવણદાસને ગુરૂ કર્યા	૯
૫)	અલખની આરાધના કરતો આશ્રમ	૧૨
૬)	દ્વારકાધિશના દર્શન	૧૪
૭)	રોળાયેલુ રતન	૧૬
૮)	વૈધવ્ય વીંધાયું	૧૯
૯)	બાળકના બાપનું નામ આપો	૨૨
૧૦)	પાવન ઝરણું	૨૭
૧૧)	આનંદનું આગમન	૩૦
૧૨)	દિવમાં દિવો	૩૨
૧૩)	મુકુંદદાસનો જન્મ	૩૭
૧૪)	મરેલી માર્જારીને જીવતી કરી	૪૧
૧૫)	અમરેલીમાં રામાનંદ સ્વામીનું આગમન	૪૬
૧૬)	અંતિમ ઉપદેશ	૪૮
૧૭)	અંતિમ યાત્રા	૫૨
૧૮)	ઉપસંહાર	૫૪
૧૯)	અમરેલી શ્રી સ્વામિનારાયણ મંદિરનો પરિચય	૫૫
૨૦)	સંસ્થાપરિચય	૬૧
૨૧)	જીવન ઉપયોગી નિયમો	૬૩

સંત પરમહિતકારી

કિર્તન

સંત પરમ હિતકારી જગતમાંહિ, સંત પરમ હિતકારી ....ટેક
પ્રભુ પદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી... જગત–૧
પરમ કૃપાળુ સકળ જીવનપર, હરિસમ સબ દુઃખહારી... જગત–૨
ત્રિગુણાતીત ફીરત તનુ ત્યાગી, રીત જગત સે ન્યારી... જગત–૩
બ્રહ્માનંદ કહે સંતકી સોબત, મિલત હે પ્રગટ મુરારી... જગત–૪

કિર્તન

એવા સંત હરિને પ્યારા રે, જેથી ઘડીએ ન રહે વાલો ન્યારા રે;
મહિમા હરિનો સારી પેઠે રે જાણે, માન અભિમાન તેને લેશ ન આણે,
હારે રહે બ્રહ્મસ્વરૂપ મતવાલા રે...એવા
નાના મોટા જે ભજે હરિને, મનકર્મ વચને દ્રઢ કરીને;
હારે તેને પોતાના કરતા જાણે સારા રે...એવા
એવા તે સંતને વસીયે પાસે, જન્મ મરણનું સંકટ નાશે;
હારે વરસે અખંડ બ્રહ્મરસ ધારા રે...એવા
એવા તે સંતને સેવે જે પ્રાણી, પ્રેમ પ્રતીત મારા ઉરમાં આણે;
હારે પ્રેમસખી કે ઉતારે ભવપારા રે...એવા

કિર્તન

સંત સમાગમ કીજે હો નિશદિન સંત સમાગમ કીજે ..ટેક
માન તજી સંતન કે મુખસે ,પ્રેમ સુધારસ પીજે હો.... નિશ–૧
અંતર કપટ મેટકે અપના,લે ઉનકું મન દીજે હો.... નિશ–૨
ભવદુઃખ ટળે બળે સબ દુષ્કિત, સબવિધિ કારજ સીજે હો.... નિશ–૩
બ્રહ્માનંદ કહે સંતકી સોબત,જન્મ સુફળ કરી લીજે હો.... નિશ–૪

આવા ભકતનું આખ્યાન ગાય, તેનું અંતર નિર્મળ થાય;
તન શુધ્ધિ છે તીરથ સ્નાને, મન શુધ્ધિ આવા આખ્યાને.

હરિભકત તણા આખ્યાન, સુણીએ થઈને સાવધાન;
તેથી તેના જેવા ગુણ આવે પ્રીતી પ્રભુ પદમા ઉપજાવે.

પવિત્ર યશજેની કિરતી, પવિત્ર ગુણ કહેવાય;
જે જન કહે ને સાંભળે, તે પણ પવિત્ર થાય.

સાચા ને સોંઘા ઘણા, નથી મોંઘા થયા મહારાજ;
પણ ખોટાને ન મળે ખોળતા, કે દિન કે વળી આજ.



જયશ્રી સ્વામિનારાયણ

પરોપકારી સંત મુળદાસ

મહાત્મા મુળદાસનો જન્મ
સંવત ૧૭૩૧ કારકત સુદ–૧૧ ને દિવસે
આમોદર ગામમાં થયો હતો.
૧૬ વર્ષની ઉંમરે ઘરનો ત્યાગ કર્યો.
સંવત ૧૭૬૮ની સાલમાં મહાત્મા મુળદાસ
અમરેલી આવ્યા.

સંવત ૧૭૯૨ રતનબાઈને કુવે પડતી બચાવી.
સંવત ૧૭૯૩ રાધાનો જન્મ.
સંવત ૧૮૧૧ રાધાના લગ્ન.
સંવત ૧૮૧૪ પોષસુદ –૭ મુકુંદદાસ
(મુકતાનંદસ્વામીનો જન્મ.)
સંવત ૧૮૧૭ ધનબાઈ બેનનો જન્મ
(મુકતાનંદ સ્વામીના બેન)
સંવત ૧૮૩૫ ચૈત્રસુદ–૯ મૂળદાસે સમાધી લીધી.

સૌરાષ્ટ્રની ધિંગી ધરા...

સૌરાષ્ટ્રની સુપ્રસિધ્ધ સોરઠ અને કાઠીયાવાડી ભાગ્યવંત ભોમકામાં ઉગતી ઉષાના નૂતન અમી ઝરતાં કિરણોથી અલંકૃત અક્ષરધામરૂપી અમરવેલરૂપ ગીર વિસ્તારમાં ઉના પાસે નાનકડું આમોદર ગામ છે. ત્યાં કરશન વાઘેલા કરીને એક લુહાર ભકત

હતા.તેની પત્નિનું નામ ગંગાબાઈ હતું. બન્ને પતિ પત્ની ભકિતમય જીવન જીવતા. તેને ત્યાં સંવત ૧૭૩૧ કારતક સુદ–૧૧ના દિવસે પુત્રનો જન્મ થયો. ઘરમાં આનંદનું વાતાવરણ છવાયું. પુત્રનું નામ રાખ્યું મુળજી, પિતાની માફક ભકિતના ગુણ પુત્રમાં ઉતરવા માંડયા, મુળજીતો પિતા કરતા પણ ચડિયાતો થયો. સારો સદ્‌ગુણી અને ભકિતવાળો થયો. પિતા કરશનભાઈએ સોળ વર્ષે વેલુબાઈ નામની લુહાર કન્યા સાથે મૂળજીના લગ્ન કર્યા. પિતા લુહારી કામ કરતા અને કોલસાની જરૂર પડે, મૂળજી જંગલમાંથી લાકડા લાવી કોલસા પાડતા.

એકવાર કોલસા પાડતા અગ્નિમાં હજારો કીડીઓ મૃત્યુ પામી, મુળજીને થયું અરે રે મેં કેટલું પાપ કર્યું, મુળજીનું હૃદય ભરાઈ ગયું, સંસારમાંથી મન ઉડવા લાગ્યું, વિચાર કરતાં તેને લાગ્યું કે આજીવિકા મેળવવા દરેક સંસારી કામમાં નાની મોટી હિંસા તો થયા જ કરવાની, જો એમાથી બચવું હોય તો આ સંસાર વ્યવહાર મુકયા વિના નહિ ચાલે. આ એક જ ઘટનાએ મુળજીના આત્માને ઢંઢોળી નાખ્યો.

મુળજી ઘેર આવ્યા, પિતાને વાત કરી કે હે પિતાજી...! દુનિયાના માયાવી બંધનોથી હું મુકત થવા માગું છું. અને પ્રભુ ભકિત સિવાય કોઈ રસ્તો આત્મ કલ્યાણ માટે નથી. ગામના આગેવાનોએ કરશન વાઘેલાને વિનવ્યા કે તમે જુવો છો કે આ મુળજી હવે ઘર સંસારની માયામાં પડે એમ નથી. એનું હૃદય બદલાઈ ગયું છે. એની અલખની આરાધનામાં હવે રોક ટોક કરવાથી કંઈજ વળશે નહિ. એને પરમાર્થને માર્ગે જ જવા દ્યો. તમે તો ભાગ્યશાળી છો કે તમારા કુળમાં આવા ઓલિયા જીવ અવતર્યા છે.

મુળજીના મા–બાપને પણ આ વાત સાચી લાગી છે. આમ

તો એમને હતુ જ કે હવે મૂળજી આપણી સાથે રહીને પણ આપણી સાથે નથી. આ હંસલો તો હવે માનસરોવરની પાળે જઈને જ જંપશે. આવું મુળજીના મા–બાપના મનમા તો હતું જ, પણ આ નાનીબાળ વેલુબાઈનું શું ?

પછી પત્ની વેલુબાઈને પણ મૂળજીએ બધી વાત કરી. વેલુબાઈ એકદમ રડવા માંડયા. પત્નીને સમજાવીને કહ્યું : દેવી ! તમો ખૂબજ સમજુ છો, પતિ પરાયણ છો, હું ઘર છોડી રહ્યો છું માટે તમને દુઃખ જરૂર થશે. પણ હું સાચા રાહ ઉપર જઈ રહ્યો છું મારો શોક કરશો નહિ. ભકિતમાં મન પરોવજો એજ આત્મ કલ્યાણનું સાધન છે. ભગવાનનું ભજન ઘેર બેઠા કરજો. માતાપિતાની સેવા કરજો. અંતે તો સૌને ભગવાનને જ પામવાનું છે, માટે ભકિતમય જીવન ગાળજો તેમાં જીવનું રૂડું છે.

વેલુબાઈને આ સાંભળી આઘાત લાગ્યો છે. ભગત હું તો તમને ઓળખી ગઈ છું. પણ તમે મને ઓળખી ન શકયા. ભકિતના માર્ગ પર શું એકલા જ જશો ? હું તો તમારી ભાગીદાર છું, મને પણ સાથે ચાલવા દ્યો, તમારી છાયામાં રહેવા દ્યો, તમારા માર્ગમાં હું નડતર નહી બનું, તમારો ધર્મ તે મારો ધર્મ છે.

હે દેવી ! શકય હશે તો મળશું નહિતર પ્રભુ ભકિતમાં ચિત્ત પરોવજો અને જીવનું કલ્યાણ કરજો. મને રાજીપે રજા આપો તમો મારી ભકિતમાં આડ ન કરતા. આવી રીતે પત્નીની રજા લઈ, મા–બાપને પગે લાગી, મૂળદાસ વિદાય થાય છે.

મુળજી આમોદર ગામથી નીકળી, પીપાવાવ ગામે આવે છે. ત્યાંથી જોલાપર ગામમાં ઠાકર મંદિરે આવીને બેઠા છે. ત્યાં આરતી થઈ. સૌ ભકતો આરતી કરીને ઘરે જતા હતા. તે એક આહિર દેવાણંદ ભગત વાઘ કહે ચાલો મારે ઘેર, આગ્રહ કર્યો, પણ કહે ના, અહિં રહીશ. દેવાણંદ ભગતના પત્નિ જશુબા હતા તેને દેવાણંદ ભગતે વાત

કરી કે આમોદરના લુહાર ભગત ચોરે ઉતાર્યા છે. પણ વાળુ કરવા આવ્યા નહિ. જશુબા કહે ફરી જાવ, ગમે તે રીતે સમજાવીને તે ભગતને આપણે ઘેર તેડી લાવો. દેવાણંદ ભગત ગયા. ને મુળજી ભગતને પોતાને ઘેર લાવ્યા. જશુબાએ તેને વાળુ કરાવ્યું. આગ્રહ કરી દશ બાર દિવસ રોકયા. મુળજી ભગત જવા ઉતાવળા થયા ત્યારે દેવાણંદ ભગત કહે પણ તમે કયાં જશો ? મૂળજી ભગત તમારે મારે ઘેર ન રહેવું હોય તો મારી વાડીએ રહેજો ને હું ત્યાં ઝુપડી બનાવી દઉં.

પછી વાડીએ રહ્યા ને તેની પત્નિ જશુબા ખૂબ સાચવે છે. ભકિત કરવામાં પણ સહકાર આપે છે. ખેતીનું કામ કરે છે. દરરોજ જશુબાઈ ભાત લઈ જાય તે મુળજી ભગત જમી લે છે. ખેતીનું કામ કરે ને પ્રભુ ભજન કરે છે. આ બધુ ગામના ઈર્ષાળુ ને ન ગમ્યું. ગામના લોકો મુળજીને અવાર નવાર કહ્યા કરે અરે ! મુળજી આ દેવાણંદતો વાંજીયા છે તેના ઘરનું આપણે કેમ ખવાય, તું શું કામ તેના ઘેર રહે છે.મુળજી કહે ભગવાન સૌનું સારું કરશે ને દેવાણંદભગતનું મેણું ટાળશે. ત્યાર પછી થોડા દિવસે દેવાણંદભગતને ત્યાં દિકરાનો જન્મ થયો, તેનું નામ પાડયું છે ભોળો.

પુત્રમાં પ્રાણ પુર્યો...

પુત્ર ધીરે ધીરે મોટો થવા લાગ્યો. આ બાજુ મુળજી વધુને વધુ ભકિતમાં ડુબવા લાગ્યા.એક દિવસ દેવાજીનો પુત્ર બિમાર પડયો. માંદવાડ લાંબો ચાલ્યો, દવા લાગું ન પડી અને દિકરો મૃત્યું પામ્યો. ઘરમાં રોકકળ થઈ ગઈ, ગામમાં પણ હા હાકર થયો કે ઘણે વર્ષે દિકરો થયો ને ગુજરી ગયો.

મુળજીને ખબર પડી એટલે તેઓ વાડીએથી દોડતા આવ્યા, માથે હાથ મૂકી પ્રભુને પ્રાર્થના કરી કે હે હરિ ! હે પ્રભુ ! હે દયાળુ !

દયા કરો દયા કરો...જે દેવાણંદે મને ભજન કરવાનો આશરો આપ્યો છે. પ્રભુ તમે તેનું વાંજીયા મેણું ટાળ્યુ અને સુખી કર્યા ને પાછો તેના પુત્રને કેમ લઈ લીધો. હે મારા વ્હાલા ! આ દિકરાને જીવતો કરો.જો હું તમારો ભગત હોઉ, સાચી ભકિત કરતો હોઉ તો પ્રભુ આ દેવાણંદના દિકરાને જીવતદાન આપો. ભકતની પ્રાર્થનાથી દેવાજીનો દિકરો જીવતો થયો. પછી તો મુળજીને સૌ મુળજીભગત કહેવા લાગ્યા. મુળજી ભગત આનંદથી ખેતી કરતા કરતા પ્રભુ ભકિત કરે છે. એક વખત દુષ્કાળનું વર્ષ હતું ને વરસાદ ઓછો થયો. ગામમાં પાણીની મુશ્કેલી પડતી તે ગામના લોકોએ કહ્યું, મૂળજી ભગત...! ગામમાં પાણીની મુશ્કેલી છે માટે ગામમાં કુવો ગાળવો છે. મુળજી ભગતે જગ્યા બતાવી કે આ જ જગ્યાએ કુવો ગાળો તો પાણી ખૂટશે જ નહિ. (આજ દિવસ સુધી તે કુવામાં પાણી ખૂટતું નથી.)

દેવાણંદની વાડીયે બીજા જે રખોપીયા હતા તે આ મૂળજી ભગતની ઈર્ષા કરવા લાગ્યા કે માળો....! આ મૂળજીતો ભગતડો થઈ ગયો.

એક દિવસ મૂળજી ભગત વાડીયે કામ કરતા હતા ત્યાં જશુબા ભાત દેવા આવ્યા, ભાત મુકીને કહ્યું ભગત તમે જમી લેજો હું ઘેર જાવ છું. ભગત કહે સારુ, જશુબા શેઢે ભાત મુકીને ઘરે ગયા. ઓલ્યા રખોપીયા કહે શું હશે ભાતમાં ચાલોને જોઈએ, ભાત છોડયું ત્યાંતો સુખડી, તે બધા ભેગા થઈને સુખડી ખાઈ ગયા ને માટીના ઢેફા અંદર મુકીને ભાત બાંધી દીધું, પછી દૂર ઝાડ નીચે બેસીને જોવા લાગ્યા કે હમણાં મૂળજી ભગત આવશે ને તે શું જમશે તે જોઈએ. થોડી વારે મુળજી ભગત આવ્યા, હાથ પગ ધોઈ માનસી કરી ભાત છોડી જમવા લાગ્યા, ત્યાંતો બધા રખોપીયા પાસે આવીને કહે ભગત શું જમો છો..! ભગત કહે આજતો બાએ ભાતમાં સુખડી મોકલી છે તે સુખડી જમું છું, બધાએ જોયું ત્યાંતો ખરેખર સુખડી હતી.ભગતે બધાને

સુખડી આપી કે લ્યો તમે પણ જમો.પછી બધા રખોપીયાને નવાઈ લાગી. મૂળજી ભગતને પગે લાગ્યા ને કહ્યું કે ભગત ભાત છોડીને સુખડી અમે ખાઈ ગયા હતા ને ભાતમાં સુખડીને બદલે અમે માટીના ઢેફા મૂકયા હતા. એમ કહીને મુળજી ભગતના પગમાં પડી માફી માગી. મુળજી ભગત કહે એતો મારા ભગવાની કૃપા પણ હવે મારે અહિં રહેવું નથી.હવે જયાં ભગવાનની મરજી હશે ને અન્ન જળ લખ્યા હશે ત્યાં રહેશું. તમે દેવાણંદને કહેજયો કે મૂળજીએ જે નારાયણ કહ્યા છે ને અહીંથી ચાલ્યા ગયા છે. બધાએ માફી માગી પગમાં પડીને કહયું કે હે મૂળજી ભગત અમારી ભુલ થઈ ગઈ છે તમે અહીંયા જ રોકાવ. મૂળજી ભગત એકના બે ન થયા. ચાલતા ચાલતા કહેતા ગયા કે આ જોલાપર ગામમાં જે જોલાપરી નદી છે જેમાં એક પાણીનો ઘુનો છે. તેમાં કાયમ પાણી ભરેલું રહેશે ખુટશે નહિ. (અત્યારે તેનું નામ મુળીયાપાટ (તળાવ) છે.

મુળજીતો ત્યાંથી ચાલી નીકળ્યાને ચાલતા ચાલતા જયાં સિધ્ધો ને સંતોનું નિત્ય આશ્રય સ્થાન બનેલો ગીરનાર અનેક યોગી, તપસ્વિ સાધકોને આકર્ષિ રહ્યો છે એવા ગર્વા ગીરનારની ભૂમિ ઉપર આવ્યા ત્યાં મહાત્મા સિધ્ધનાથજી કરીને એક મહાત્મા મળ્યા તેની ખૂબ સેવા કરીને રાજી કર્યા.સંતે રાજી થઈ કહ્યું કે અરે બચ્ચા તુ તો એક મહાન સંત થઈશ.માટે બેટા અત્યારે તુમ સૌરાષ્ટ્રમેં ગોંડલ જાઓ ત્યા એક સંત મહાત્મા છે તે મહાન સિધ્ધ છે ને તે તમને દિક્ષા આપશે, માટે તમે ત્યાં જઈને દિક્ષા ગ્રહણ કરજો.

જીવણદાસને ગુરૂ કર્યા...

મુળજી ભગત ત્યાંથી ફરતા ફરતા ગોંડલ આવ્યા ને તે મહાત્મા જીવણદાસને મળ્યા.તે મહાત્માની ખૂબ સેવા કરી અને દિક્ષાની વાત કરી.મહાત્માએ પુછયું કે આપ કયાંથી આવો છો ? શું

નામ છે. ? આપ કયાં ગામના છો ? મુળજી ભગત કહે હું આમોદર ગામનો વતની છું, નાનપણથી જ પ્રભુ ભજવાની લગની લાગી છે. સંસારમાં ગમ્યું નહિ એટલે ઘરનો ત્યાગ કરી ગીરનારની ભૂમિમાં ગયો ત્યાંથી તમારું નામ સાંભળી અહીં તમારી પાસે આવ્યો છું માટે મને ભગવાન મળે એવી કૃપા કરી ભાગવતી દિક્ષા આપો.

ગુરૂએ કહ્યું કે હમણાં તમે સેવા કરોને ભજન કરો. ભગત હજું તમારી ઉમર ૧૮ વર્ષની છે માટે પ્રભુમાં લગની લગાડીને સેવા કરો. મુળજી ભગતે ખૂબ ગુરૂની સેવા કરી, ગુરૂ પાસેથી રામાયણી કથા શીખ્યા. પછી તો દરરોજ રામાયણની સુંદર કથા કરે છે. આશ્રમમાં ઘણા ભકતો કથા સાંભળવા આવે છે. મુળજી ભગત રામાયણની ચોપાઈ બોલીને બધાને ખૂબ ખૂબ રાજી કરે છે. તેનો ત્યાગ વૈરાગ્ય જોઈને ગુરૂ રાજી થયા છે ને સંવત ૧૯૫૫માં ગુરૂ જીવણદાસે ગોંડલમાં મુળજી ભગતને વૈષ્ણવી દિક્ષા આપીને નામ પાડયું છે **"મુળદાસ"**આ મુળદાસ આશ્રમમાં રહે છે. ખૂબ સેવા અને ભકિત કરે છે. ગુરૂનો રાજીપો ખૂબ મેળવ્યો છે. યોગવિદ્યા પણ શીખ્યા છે. આશ્રમમાં મૂળદાસ સૌના પ્રિય બની ગયા છે.

પછી એક દિવસ મુળદાસે ગુરૂને કહ્યું કે ભગવાન મને દર્શન આપે એવી સાધના બતાવો.ગુરૂ કહે છે કે બેટા મુળદાસ યોગ સાધવા માટે એકાંત સ્થળ જોઈએ આસન જીતવું જોઈએ, કળિયુગની માયાથી દૂર રહેવું જોઈએ, અખંડ ભગવાનની સ્મૃતિ રાખીને ભગવાન ભજવા જોઈએ, દરેક ઈન્દ્રિયો જીતીને અષ્ટપ્રકારે શુધ્ધ બ્રહ્મચર્ય પાળવું જોઈએ, આવી રીતે ગુરૂ પાસે બેસી અવાર નવાર ભગવાનની પ્રાપ્તિનો ઉપદેશ સાંભળતા હતાં, કોઈ કોઈ વખત કાવડ લઈને રામ રોટી ઉઘરાવવા પણ જતા.ગુરૂના આશ્રમમાં ઘણા શીષ્યો હતા એમાં મુળદાસની સેવા, ભજન અને ભકિતથી ગુરૂનો રાજીપો મુળદાસ ઉપર ખૂબજ હતો. મુળદાસની કથા સાંભળવા દરેક જ્ઞાતીના ભકતો આવતા.

સ્ત્રીઓ પણ રામાયણની કથા સાંભળવા આવતી, સ્ત્રીઓની સભા આશ્રમમાં અલગ થતી તે સભામાં એક જીવી ડોશી કાયમ કથા સાંભળ વા આવતા તેમાં રામવનવાસની કથા આવી, ડોશીમાં રાત્રે ઘરે આવ્યા, જીવીડોશીને ઉદ્વેગ થયો કે અરે.....! રામને વનમાં જાવું પડયું ને કેવું કષ્ટ પડયું તે ઉદ્વેગમા ને ઉદ્વેગમાં ડોશી રાત્રે ગુજરી ગયા. સવારે નદી કિનારે તેના દેહનો અગ્નિ સંસ્કારનો વિધિ કરવા આવ્યા, તે સમયે મુળદાસના ગુરૂ સ્નાન કરવા નદીએ ગયેલા તેમને કોઈએ વાત કરી કે બાપુ આ ડોશી રોજ આપણા આશ્રમમાં કથા સાંભળવા આવતા હતા તે જીવી ડોશી ગુજરી ગયા.

બાપુએ કમંડળમાંથી પાણી છાટયું તુરત જીવી ડોશી જીવતા થયા. ગુરૂને પગે લાગી અને સૌ જીવી ડોશીને લઈને પછા ઘેર ગયા.

એક વખત ગુરૂએ મુળદાસને પાસે બેસારી માથે હાથ મૂકીને આશીર્વાદ આપીને કહ્યું બેટા..! તારી ભકિત અને સેવાથી તો તું મહાત્માં મૂળદાસ થઈશ. આ મારા તને આશીર્વાદ છે. તે અહીં બાર વર્ષ રહી અનન્ય ભાવથી ગુરૂ સેવા કરી છે. તમારી ગુરૂ પ્રત્યેની લાગણી અને પ્રેમ અનન્ય છે. તમે ગુરૂના સાનિધ્યમાં બાર વર્ષ રહી સેવા કરી છે. એટલે તમારું તપોબળ પરિપૂર્ણ થયું છે. માટે બેટા મુળદાસ તમે વૈષ્ણવધર્મનો ફેલાવો કરવા ને જગતને પ્રભુ ઓળખાવવા હવે અહીંથી વિદાયમાન થાઓ. અને હું તમારી ઉપર ખૂબજ રાજી છું. જાવ બેટા મૂળદાસ તમને તમારા ગુરૂના આશીર્વાદ છે કે તમારી વાણીથી લોકો મંત્રમુગ્ધ બનશે. તમારી વાણી લોક મુખે ગવાશે. તમે ઘણો સત્સંગનો ફેલાવો કરશો. તમને લોકો ખૂબજ માનશે.પણ હે....! મૂળદાસ તમારી ઉપર એક કલંક પણ ચડશે પણ મારા આશીર્વાદ છે કે એ કલંકથી મારો મુળદાસ જગપ્રસિધ્ધ થશે. અને એ કલંકથી જ એક મહાન મુકતસંતનો ઉદય થશે. હાથ જોડી મુળદાસ કહે ભલે ગુરૂદેવ જેવી આપની

આજ્ઞા.

પછી ગુરૂને નમસ્કાર કરીને આંખમાં આસુ સાથે ગુરૂને ભેટીને, ચરણમાં વંદન કરીને, ગુરૂના આશીર્વાદ લઈ મહાત્મા મુળ દાસ ફરતા ફરતા સંવત ૧૭૬૮ની સાલમાં અમરેલીમાં આવીને ઉતર્યા છે.

અલખની આરાધના કરતો આશ્રમ...

સૌરાષ્ટ્રના સોહામણા આ અમરેલી શહેરમાં મહાત્માં મુળ દાસનો એક નાનો એવો આશ્રમ છે, અલખની આરાધના કરનારા મુમુક્ષુઓનું આ પ્રભુ પ્રાપ્તિનું સ્થાન ભકિતથી ગુંજવા લાગ્યું છે. તેમાં રામજીની મૂર્તિ પધરાવી છે. ખૂબજ ભજન –કથાવાર્તા કરે છે.પૂનમના ચંદ્રમાનું તેજ આકાશમાં જેમ ફેલાય એવી રીતે મહાત્મા મુળદાસની ખ્યાતી ફેલાઈ રહી છે. મધુર કંઠે રામાણયણની કથા કરે છે ને બધા સાંભળવા આવે છે.

આશ્રમમાં ભજન ભકિત તો થતા જ પણ તેમાં ભૂખ્યા દુ:ખિયા અને અભ્યાગતો માટે અન્નક્ષેત્ર પણ શરૂ કર્યું હતું સૌને પ્રેમથી ભોજન કરાવે છે. માંદા, નિરાધારને પણ આશ્રમમાં લાવે છે. તેની સાર સંભાળ રાખે છે. સાંજ પડે ને સત્સંગ માટે આશ્રમમાં ભાવિકો ઉમટી પડે છે.

ગુરૂ પાસેથી, સંતો પાસેથી, જે શાસ્ત્ર જ્ઞાન મેળવ્યું હતું, તે અને અનુભવથી આત્માના ઓોઝસની જે ઝાંખી થતી હતી તે બધુ સરળ ભાષામાં મુળદાસ લોકોને સમજાવતા હતા.હૈયામાંથી ઉઠેલા ભજનોથી સૌના અંતરમાં આનંદ થતો. અમરેલીમાં હવે સૌ મૂળદાસ ભગત તરીકે ઓળખે છે. આશ્રમ હવે ગામ સમસ્તનો આશ્રયદાતા બની ગયો છે..ગામના મહાજનો પણ સદાવ્રત માટે આર્થિક સેવા આપે

છે.. ગામ ભક્તિથી રંગાવા માંડયું છે. મહાત્મા મૂળદાસ અમરેલીમાં ભક્તિના અજવાળા પાથરી રહ્યા છે શીલદાસ નામના એક મુમુક્ષું શિષ્ય થયા છે.

મુળદાસની સેવા ભક્તિની સુવાસ ચારેય દિશામાં ફેલાવા લાગીછે. ગામ પરગામથી મુમુક્ષુઓ દર્શને, કથા સાંભળવા, આર્શીવાદ લેવા આવે છે. આવા સંતની છાયામાં બેસી સંસારનો તાપ હળવો કરવા અનેક સંસારીઓ અમરેલી આશ્રમમાં અવાર નવાર સમાગમ કરવા આવે છે.

એક દિવસ મહાત્મા મુળદાસને ગુરૂને મળવાની ઈચ્છા થઈ એટલે શીષ્ય શીલદાસ સાથે અમરેલીથી રવાના થઈ ગોંડલમાં ગુરૂના આશ્રમે આવ્યા છે. ગુરૂને જોતા જ ગુરૂના ચરણમાં આળોટી પડયા છે ને આંખમાં હર્ષના આસું ભરાઈ ગયા છે. ગુરૂ બોલ્યા અરે બેટા મુળદાસ તમે આવી ગયા તમોને હું બે ત્રણ દિવસથી યાદ કરતો હતો કે મારો મુળદાસ આવવો જોઈએ. ગુરૂએ મુળદાસના શિર ઉપર હાથ મુકી વહાલથી પીઠ થાબડીને ભેટી પડે છે, બપોરે બધાએ સાથે ભોજન લીધું છે ને સત્સંગ કરે છે. મુળદાસ આશ્રમમાં બે દિવસ રોકાયા છે. ગુરૂએ સમાધિ લેવાનો સંકલ્પ કર્યો છે સૌરાષ્ટ્ર ભરમાંથી મુળદાસના ગુરૂ ભાઈઓ આશ્રમમાં એકઠા થયા છે મુળદાસની આંખોમાં અશ્રુ હતા ને અન્ય શિષ્યો પણ ગદગદિત થયા હતા. ગુરૂજી બોલ્યા હે...! મારા વા'લા શિષ્યો મૃત્યુંનો શોક આપણા જેવા સાધુઓ માટે ન હોય બેટા મુળદાસ ! આ શું ? તમે રડી રહ્યા છો ? ગુરૂજી દુઃખતો એ વાતનું છે કે હવે પ્રેમાળ હસ્ત અમારી ઉપર કોણ ફેરવશે. અરે બેટા મુળદાસ ! તારી ઉપરતો પરમાત્માના બે હાથ છે.

ઉત્તરાયણનો સુર્યોદય થઈ ચૂકયો છે.ગુરૂજી પદ્માસન વાળી અને બેઠા છે.પ્રાણવાયુંને ઉર્ધ્વગામી કરીને સમાધિ યોગ કરી

મુળદાસના ગુરૂનો આત્મા પરમાત્મામાં લીન થયો છે. ગુરૂની સર્વે ક્રિયા પુરી કરી સર્વે ગુરૂ ભાઈઓને મળી મુળદાસ અમરેલી આવે છે.

દ્વારકાધિશના દર્શન...

સમય જતાં એક વખત મૂળદાસને દ્વારકાધિશના દર્શન કરવા જવાનો સંકલ્પ થયો છે. અને શુભ દિવસ જોઈને મુળદાસ પોતાના થોડા શીષ્યો રામદાસ, શીલદાસ વગેરેને સાથે લઈને યાત્રાએ ચાલી નીકળ્યા, મૂળદાસજી ફરતા ફરતા જામનગર પધારે છે. ત્યાં એક લુહાર ભકતને ઘેર ઉતારો કર્યો છે ને દરરોજ કથાવાર્તા, સત્સંગ થાય છે ને મુળદાસ કથા સંભળાવે છે એ વખતે ઘોરાજીના એક સોની તેનું નામ હતું આણંદ ભગત તેઓ જામનગરમાં રહેતા હતા, તે પ્રભુ પ્રત્યે પ્રેમવાળા ને મુમુક્ષું હતા. તેને થયું કે લુહાર ભગતને ઘેર સોરઠી સંત આવ્યા છે તો મારે ઘેર પધરામણી કરાવું એમ વિચારી આણંદ ભગત લુહાર ભકતને ઘેર આવ્યા મુળદાસને પગે લાગીને વાત કરી કે આપ સોરઠી સંત છો માટે મારું આંગણુ પાવન કરો.મુળદાસ કહે સારું તમારે ત્યાં ભજન રાખશું. આણંદ ભગત રાજી થયા છે.

એક દિવસ રાજકુટુંબમાં લાખાજી જામને ઘેર પુત્રનો જન્મ થયો છે અને જામના દરબારમાં એક આનંદનો દિવસ ઉગ્યો છે. ત્યારે રાજકટુંબમા પુત્રને આશીષ દેવા માટે આણંદ ભગત પધારેલ છે. પુત્રને આશીર્વાદ આપી અને કહે છે કે હે રાજન્...! આપના રાજયમાં એક સોરઠી સંત પધાર્યા છે. અને મારે ત્યાં સત્સંગ કરવા પધારવાના છે, તો મહારાજ ! એ સંત દર્શન કર્યા જેવા છે. આપ જરૂર તે સંતની વાણી સાંભળવા પધારજો. આ બાજુ મુળદાસે દરરોજ સત્સંગ, કથાવાર્તા કરી સૌને પ્રભાવિત કર્યા છે. સોરઠી સંતની વાણી સાંભળવા લોકોની મેદની જામે છે, લુહાર ભકત આનંદથી સત્સંગનો લાભ લે છે.

એક દિવસ આણંદજી ભગતને ઘેર સત્સંગ સભાનું આયોજન થયું છે ને મૂળદાસ પણ પધાર્યા છે, કથાવાર્તાની હેલી ચડી છે, તે જ સમયમાં લાખાજી જામનો જન્મ દિવસ હોવાથી તેની અસવારી નીકળી છે. હાથીની અંબાડી ઉપર જામસાહેબ બેઠા છે. ડંકા, નિશાન, ઉંટ, ઘોડા, વગેરની સ્વારી આણંદજી ભકતના ઘર પાસેથી નીકળી છે, હાથી ઉપર બેઠા બેઠા સંતની વાણી સાંભળી, સંતના દર્શન કરી જામ સાહેબ પ્રભાવિત થયા છે.નીચે ઉતરી અને સત્સંગ સભામાં દર્શન કરવા ગયા છે.અને આમંત્રણ આપ્યું છે કે મારા દરબારગઢ માં પધારો મારે તમને હાથી ઉપર બેસારીને મારા રાજમાં પધરામણી કરાવવી છે. સૌ લુહાર ભકતો રાજીરાજી થઈ ગયા છે કે વાહ ! વાહ! સંતે જામ સાહેબને પણ ભાવવિભોર ને સત્સંગી કરી દિધા.

બીજે દિવસે હાથીની અંબાડી ઉપર મુળદાસને બેસાડી રાજમાં પધારમણી કરાવી છે. રાજાએ મળદાસનું ખૂબ સન્માન કર્યુ છે. રાજાએ મુળદાસને ગુરૂ કર્યા ને કંઠી બંધાવી છે ને તેના પુત્ર જશાજીને પણ કંઠી બંધાવી છે. ખુબજ ધન ગુરૂદક્ષિણામાં આપ્યું છે, ગદ્‌ગદ્‌ ભાવે લાખાજી જામે ગુરૂના ચરણમાં વંદન કર્યા છે.

મુળદાસજી જામસાહેબને આશીર્વાદ આપી ત્યાંથી આણંદ ભગતને ઘેર પધાર્યા છે. મુળદાસે બધું ધન આણંદ ભગતને આપીને કહ્યું કે તમો ગરીબો માટે સદાવ્રત શરૂ કરો. **"જયાં ટુકડો ત્યાં હરિ ઢુકડો"** માટે તમે અહીંથી આવતા જતા યાત્રાળુઓને ટુકડો જમાડજો. આ બધુ ધન રાજમાંથી આવ્યું છે તે હું તમને આપું છું, ને પછી મુળ દાસે આણંદ ભગતને દિક્ષા આપીને પોતાના શિષ્ય કર્યાને સદાવ્રત દેવાની આજ્ઞા કરી છે. પ્રભુ ભજન કરજો અને કરાવજો એમ કહી મુળદાસ દ્વારિકાની યાત્રા પૂરી કરી અમરેલી પધાર્યા છે.

નોંધઃ—અત્યારે તેજ આણંદ ભગતનો આશ્રમ આણંદાબાવા આશ્રમ નામે ઓળખાય છે.તેજ આણંદભગત

મુળદાસના શિષ્ય હતા.મુળદાસે ગુરૂદક્ષિણામાં આવેલ દ્રવ્યથી સદાવ્રત ચાલુ કરાવ્યું હતું જે અત્યારે જામનગરમાં આણંદાબાવાનો આશ્રમ ખૂબ વિકસેલો છે.

અમરેલીમાં ચોતરફ મુળદાસની કિર્તી ફેલાણી છે.જામનગરના જામસાહેબ પણ મુળદાસની કંઠી બાંધી મૂળદાસના શિષ્ય બન્યા ને મૂળ દાસને અઢળક દ્રવ્ય આપ્યું તે બધું દ્રવ્ય આણંદબાવાના આશ્રમમાં સદાવ્રત અર્થે આપી દીધું આ બધું સાંભળી અમરેલીના ભકતજનોમાં મુળદાસ પ્રત્યે માન ખૂબજ વધી ગયું.

રોળાયેલુ રતન...

મુળદાસ અમરેલીમાં રહીને પ્રભુભજન કરે છે ને સત્સંગ કરાવે છે. એક દિવસ વહેલા પ્રાતઃકાળે આશ્રમ બહાર વડી ઠેબી નદીમાં સ્નાન કરવા જાય છે. નીરવ શાંતિમય વાતાવરણ છે. મુળદાસને કાને કોઈ સ્ત્રીનો રડવાનો અવાજ આવ્યો. અરે...! કોઈ રુવે છે, અત્યારે કોણ રુદન કરતું હશે, હજુતો માણસોની હેરફેર પણ થઈ નથી આવી શાંતિમાં આવુ કોઈ સ્ત્રીનું રુદન હોય એવું લાગે છે. રુદન દર્દ ભર્યું હતું. રુદનમાં કોઈ સ્ત્રીના હૃદયની કરૂણ વેદના દેખાઈ આવતી હતી, આમ જોયું તો નદીના કિનારે કુવા પાસે એક યુવતી ડુસકા મુકીને રડી રહી હતી. કુવામાં પડવાની તૈયારી કરી રહી હતી. તે જોઈને મુળ દાસ બોલ્યા એ કોણ છે ? અરે ....! બહેન ઉભા રહેજો. ખબરદાર અંદર ન પડતા એમ બોલી એકદમ નજીક ગયા છે. પછયું બેટા...! કોણ છો ? કેમ કુવે પડે છે ? આવો મનુષ્યનો દેહ શું આમ વેડફી નખાય ! પ્રભુ ભજવા માટે મનુષ્ય દેહ મળ્યો માટે આત્મ હત્યા ન કરાય.શું દુઃખ છે તે મને કહે દિકરી....! હું તારુ દુઃખ ટાળવા પ્રયત્ન કરીશ. મારા રામને પ્રાર્થના કરીશ પણ તું મરીશ નહિ એમ કહી બાવડું પકડી કુવેથી દૂર કરે છે. કમોતે મરીશ તો પ્રભુ માફ નહી કરે.

દુનિયામાં દુઃખતો ઘણાને આવે પણ એનું નિરાકરણ આ રીતે ન કરાય દિકરી... !! , મુળદાસના આવા પ્રેમભર્યા શબ્દો સાભંળીને યુવતિને કુવે પડતા ક્ષોભ થવા લાગ્યો.રડતા રડતા બોલી અરે રે..આવા પ્રેમ ભર્યા શબ્દો બોલી મને દિકરી કીધી. બાપુ આ અભાગણીને કુવે પડવા દ્યો.કારણ કે...

"પીળા પર્ણો ફરી નથી થતા કોઈ કાળેજ લીલા,
ભાંગ્યા હૈયા ફરી નથી થતા કોઈ કાળે જ રસીલા."

બાપજી તમે મને નથી ઓળખતા પણ હું તમને ઓળખી ગઈ છું. તમે સોરઠી સંત ગરીબના બેલી છો,તમે અનેકના જીવન ભકિતમય બનાવ્યા છે તમારું જીવન રામમય છે. બાપુ તમે દયાના સાગર છો, સોરઠના મહાનસંત મૂર્તિ છો, તમે મહાન ત્યાગી મહાત્મા મુળદાસ છો પણ મને મારે રસ્તે જવા દ્યો.બેટા અહીં બેસ હવે તારાથી કુવે નહિ પડી શકાય. આજનો ઈશ્વરનો સંકેત કંઈક જુદોજ છે. માટે આજે રોજ કરતા વહેલા મને મારા રામે જ અહીં મોકલ્યો હશે. તને બચાવા જ પ્રભુએ આજે વહેલો ઉઠાડયો હશે. ચાલ બેટા તારી વાત કર તને શું દુઃ ખ છે. હું તારી વ્યથા સાંભળીને તારુ દુઃખ ટાળવા પ્રયત્ન કરું, બોલ બેટા...

બાપજી હું શુ વાત કરું મને સમાજે કાંકરાની જેમ કાઢી નાખી છે. સમાજની ધિક્કારની આગમાં હું જલી રહી છું અને એ ધિક્કારની આગ બુજાવવા મેં કુવે પડવાનો નિર્ણય લીધો છે. જેથી સમાજની આ ધિક્કાર રૂપી આગ સદાને માટે બુજાય જાય. આમ કહી યુવતી ધ્રુસકે ધ્રૂસકે રડી પડી.

અરે દિકરી....! સમાજની આ ધિક્કારની આગ આસુંથી નહિ બુજાય માટે તારી વિગત મને જણાવ બેટી.

બાપજી નેવાના પાણી મોભે ચડયા જેવી વાત છે અશકય શકય બની ગયું. બાપજી હું વણીક સાધવી છું. નાનપણથી દુઃખી

થઈ ગઈ ગઈ છું. અમારો સમાજ હવે મને સંઘરી શકે તેમ નથી. કારણકે મારા ઉદરમાં બાળક છે. આજે સમાજ મને અહીંના સુબા પાસે હાજર કરવાના છે. બાળકના પિતાનું નામ આપવું પડે એમ છે જો હું નામ આપું તો આ ધનિક બાપ ઉપર સમાજ આકરા પ્રહારો કરે અંતે મારા ઉદરમાં રહેલા બાળકના બાપને પણ કમોતે મરવું પડે સમાજમાં એનું નામ વગોવાય, એમનું ચારિત્ર લજાય, એમની આબરુ અને કિર્તી જાય અને મારા મરવાથી તે સુખી વણીકની ઈજજત જરૂર ઉગરી જશે.એટલે મે આ રસ્તો લીધો છે. આ ક્ષણિક સુખે મારા જીવનમાં આગ ચાંપી હવે મર્યા સિવાય બીજો ઉપાય નથી. સવારે સુબો મને સમાજમાં બોલવવાનો છે તે પહેલા મારે આ લોકમાંથી છુટકારો મેળવવો છે.

મહાત્મા મુળદાસ બોલ્યા બેટા... જીવનમાં ભુલ થાય તે સમજયા પછી સુધારીને પ્રભુ ભજન કરી લેવાય, દિકરી..! મારી વાત સાંભળ તારા મરવાથી ઉદરમાં રહેલ બાળક પણ મરી જશે ને તને બાળ હત્યા લાગશે, માટે મરીશ નહી.

યુવતી શરમથી માથુ ઝુકાવી ગઈ તેને મુળદાસના શબ્દો હૃદય સોંસરા નીકળી ગયા, ચોધાર આસુંએ રડતી તે સાધ્વી મુળ દાસના ચરણમાં પડી. ચરણ સ્પર્શથી દિવ્ય જ્ઞાન થવા લાગ્યું.

બેટા....મૂળદાસ જો જગતનો પિતા હોય તો તારા બાળકનો પિતા પણ મૂળદાસ જ હશે. ચાલ આશ્રમમાં ત્યાં તારી બા તારી સુશ્રુષા કરશે.

બાપજી તમે જગતના પિતા છો, સમાજમાં તમારું નામ એક સંત તરીકેનું છે, તમે મહાન ધર્માત્મા છો, મહાન જ્ઞાની છો.તમે મારા બાળકના પિતા થાવ તો શું મહાજન માનશે ખરા ?

બેટા...! સંત તો સહુનું હિત જ ઈચ્છતા હોય છે, સંતને માન અપમાનની પડી હોતી નથી. સંતનું જીવન અન્યનું હિત કરવા માટે જ

હોય છે.

"સરોવર તરૂવર સંતજન, ચોથા વરસે મેહ,
પરમારથ કે કારણે ચારેય ધરીયા દેહ."

બેટા સમાજ મને જો સંત માનતો હોય, તો તારી ને તારા પુત્રની રક્ષા મારે કરવી જ પડે.

બાપુ મારું વૈધવ્ય વિંધાય ગયું છે...

બેટા તારુ નામ શું છે ? બાપુ મારુ નામ રતન છે, મારુ પિયર દિવમાં છે, મારા પિતાશ્રી ધનવાન અને ગામના આગેવાન વેપારી હતા.મારા પિતાશ્રીની હું લાડકી દિકરી હતી. મારુ નામ રત્નમાલા હતું, પરંતુ સમય અને સંજોગોએ મને રતન બનાવી દીધી છે.

બાપજી સાંભળો..! મારી યોગ્ય ઉંમર થતા મારા પિતાશ્રીએ અમરેલીમાં એક ધનાઢય યુવક સાથે મારા લગ્ન કર્યા અને હું સાસરે આવી. મારા ચાર માસના લગ્ન જીવન પછી મારા પતિ મૃત્યુ પામ્યા. ત્યારબાદ મારા સ્વસુર પક્ષના લોકોએ મને વિધવાનો પોશાક પહેરાવ્યો, દુનિયાનું બધુ સુખ મારા પતિ સાથે ચાલ્યું ગયં હતું, હું જીવતા મરેલી જેવી હતી. મને દુનિયામાં રસ જ રહ્યો ન હતો મારુ મન ઉદાસ રહેવા લાગ્યું. આમ વિધવાના સ્વાંગમાં હું મારુ જીવન પસાર કરવા લાગી. મારુ મન સ્થિર રહે તે માટે મને જૈન ધર્મના પુસ્તકો વાંચવા આપતા. મને ધીરે ધીરે જૈન ધર્મનો અભ્યાસ કરાવવા લાગ્યા.

હું ધીરે ધીરે વિધવાના સ્વાંગમાં જૈન ધર્મના પુસ્તકો વાંચી જૈન મંદિરે જવા લાગી. મારી યુવાન અવસ્થા હતી અને મારા માતા–પિતાએ મને જૈનધર્મની દિક્ષા અપાવી મને સાધ્વી બનાવી. મારી ગણના ઉત્તમ ચારિત્ર્યવાનમાં હતી. મારા ગુરૂજી પણ મારા ઉપર રાજી હતા, તે પણ સાધ્વીજી હતા. અને મને પ્રેમથી સાચવતા,સમય સંજોગો વસાત્ એક વણીક યુવાન અમારા ધર્મ

સ્થાનમાં આવવા લાગ્યો ને કાયમના સહવાસથી મારાથી ભયંકર ભુલ થઈ ગઈ. અને અંતે મારે મરવાનો વારો આવ્યો. બાપુ જો તમે મને તમારા આશ્રમમાં લઈ જશો તો સમાજ તમારો તિરસ્કાર કરશે.ટોચે ચડેલી તમારી કિર્તીને કલંક લાગશે,

ભલે બેટા...! મારી કિર્તી જશે એજ ને ! સમાજ મને શંકાની દ્રષ્ટિએ જોશે, મારા રામતો જાણે છે ને ?

રતન અને મૂળદાસ આશ્રમમાં આવે છે. મૂળદાસને મનમાં બે જીવ ઉગાર્યાનો આનંદ છે.મૂળદાસ વેલુબાઈને કહે છે કે આ દિકરી હવે અહીંજ રહેશે તેની સેવા કરવાની છે ને દિકરી ની પ્રસુતિ પણ તમારે જ કરવાની છે. બાદમાં મૂળદાસ બધી હકીકતથી વેલુબાઈને વાકેફ કરે છે.

વેલુબાઈતો એક પતિપરાયણ સ્ત્રી હતા. અને એક દૈવીરૂપ હતા. જેથી મામલો બધો કળી જઈ રતનને દિકરીની જેમ આશ્રમમાં આશરો આપ્યો. વેલુબાઈ કહે છે કે બેટા તું મારી દિકરી છો તું જરાય ઉપાધિ કરીશ નહિ. સ્ત્રી જાતીના આવા હાલ હવાલ તો ધરતીના ઉગતા કાળથીજ થતા આવ્યા છે. બેટા ક્ષણિક સુખમાં અંતે તો નારીએ જ ભોગ દેવાનો રહે છે.પુરૂષતો ભમર છે અંતે ફુલને જ ખરી જવું પડે છે.

મૂળદાસને વેલુબાઈ કહે છે કે સવારે ગાયકવાડી સુબો આવશે અને રતનને કહેશે કે તારા ઉદરમાં રહેલ બાળકનો બાપ કોણ છે ? તો તેનો રસ્તો તમે કાઢયો ? એવું વેલુબાઈએ મુળદાસને પુછયું.

મૂળદાસ કહેઃ હા મેં રતનને કહ્યું છે કે જો મુળદાસ જગતનો બાપ હોય તો તારા બાળકનો પણ બાપ થશે.

સ્વામીજી તો પછી.....

સમાજ આપણને વગોવશે, તમારી ઉપર શંકા લાવશે, તમો તો સંત છો એટલે જગત અત્યાર સુધી જગતના નાથ કહીને બોલાવે છે. પરંતુ બાજી પલટા પછી આ જ જગત તમને જગતથી દૂર કરશે,

સમાજ તમારો તિરસ્કાર કરશે, તેનો કંઈ વિચાર કર્યો ?

દેવી..! મેં બધોજ વિચાર કરી લીધો છે. સમાજ મને શંકાની દ્રષ્ટિએ જોશે એજ ને ? આ સોરઠી સંતોએ દિકરાના માથા ખાંડણીયામાં ખાંડયા છે.સંતોએ શું નથી કર્યુ ? સંતોએ ઘણુંજ કષ્ટ વેઠયું છે. આ મુળદાસનો કિર્તી ધ્વજ ક્કડભુસ થઈને ભાંગી પડશે પણ લાજ મારો રામ રાખશે.સંતને કિર્તી કે અપકિર્તીની પડી હોતી નથી. આજે આ દિકરી મારે આંગણે આવી છે તેના ઉદરમાં રહેલ બાળકનો શું દોષ છે.? તેની માં સાથે શું આ નિર્દોષ બાળકને પણ મરવા દેવું ? ભકતો માટે જો ભગવાન કષ્ટ વેઠતા હોય તો આ મૂળ દાસ આ દિકરી અને બાળક માટે અપકિર્તી વહોરવા તૈયાર છે.

વડોદરાના કર્તાહર્તા ગાયકવાડી ખંડેરાવ વિઠ્ઠલરાવ દેવાજીને અમરેલીના સુબા નિમ્યા.આ વિઠ્ઠલરાવસુબા મહાત્માં મૂળદાસ પ્રત્યે અતિ માનની દ્રષ્ટિએ જોતા અને દરરોજ મૂળદાસના આશ્રમમાં આવી મૂળદાસને વંદન કરી પોતાના કાર્યો કરતા.

આ બાજુ સવાર થયું ચોરે ને ચૌટે વાત થવા લાગી. કે રતનબાઈ ચાલ્યા ગયા છે. કોઈએ સુબાને વાત કરી કે રતનબાઈ તો મૂળદાસના આશ્રમાં છે. સુબાના આશ્ચર્યનો પાર ન રહ્યો અને તપાસ કરવા મૂળદાસના આશ્રમમાં આવ્યા.

આશ્રમમાં રતનબાઈ સામે જ બેઠી હતી. રતનને જોઈ સુબો ચોકી ઉઠયો ત્યાતો પાછળ પાછળ મહાજન પણ આશ્રમમાં આવી પહોંચ્યું. સુબાએ રતનને કહ્યું કે બહેન અત્યારે મારી ફરજ છે કે મારે તમોને પ્રશ્ન પુછીને તમારી પાસેથી સત્ય હકીકત જાણવી.બહેનજી તમે તો એક વિદ્વાન સાધ્વી છો ભકિતના રંગે રંગાયેલા હતા.તો પછી આ બધુ શું ? અત્યારે બીજું ન પુછો રતન બોલી હું ચારિત્ર્ય રૂપી પગથીયું ચુકી ગઈ છું અને ધિક્કાર રૂપી કુવામાં ડુબી રહી હતી. ને મૂળદાસ રૂપી મુળે મને બચાવી.

બાળકના બાપનું નામ આપો...

બહેનશ્રી તમારા ઉદરમાં રહેલા બાળકના બાપનું નામ આપશો.મારે ઉપરથી હુકમ છે. રતન રડવા લાગે છે. બહેનશ્રી હું જાણું છુ કે તમારી આ સ્થિતી કરનાર કોઈ ખાનદાન નબીરો જ હોઈ શકે તમો આમા દોષિત જણાતા નથી. આ સંસારની ઘટમાળથી હું પરીચિત છું. સમાજમાં આવા ક્રુર કૃત્યો કરવા વાળામાં મોટા હાથ જ હોય છે. અને એનો ભોગ તો તમાર જેવી યુવતીએ જ દેવાનો હોય છે માટે એ પાપીયાનું નામ આપો. બહેનજી હળાહળ કળીયુગ આવી રહ્યો છે. એક સમય એવો આવશે કે આવા કૃત્યો કરનારને કંઈ પણ સજા થશે નહિ. આવી બાબતો તો સામાન્ય વાતમાં ખપી જશે. બહેન તું જલદી કર તારા બાળકના પિતાનું નામ આપ જેથી અમો તેને કડક સજા આપીએ. રતનને થયું કે હવે નકતકી નામ આપવું પડશે રતન બોલી તે નામ તમારે જાણવું જ હોય તો સુબાજી સાંભળી લ્યો આ બાળ કના પિતાનું નામ છે મહાત્મા મળદાસ.....રતન બોલી.

ત્યાંતો બધાના પગ નીચેથી જમીન સરવા લાગી.બધા એકીટચ મૂળદાસ તરફ જોવા લાગ્યા કે આ બાઈના આવા હાલ શું મુળદાસજીએ કર્યા ? રતન તો ચોધાર આસુએ રડી રહી હતી. સુબા મુળદાસ પાસે આવીને કહેવા લાગ્યા કે હે સંત આ રતનબાઈ શું કહે છે. મુળદાસ કહેવા લાગ્યા હા સુબેદાર રતન જે કહે છે તે સત્ય છે. સંતો તો જગતના પિતા કહેવાય છે તો આ બાળકના પિતા પણ મુળદાસ છે.

મુળદાસ તમે અત્યારે સીધી વાત કરો અને સત્ય હકીકતથી મને વાકેફ કરો. સુબેદાર બોલ્યા.અરે સુબેદાર રતન કહે છે તે બરાબર છે આથી વિશેષ તમારે શું સાંભળવું છે ? તમારે જે શિક્ષા કરવી હોય તે મને કરી શકો છો. અને આ મૂળદાસ તે શિક્ષા ભોગવવા તૈયાર છે.

સુબેદાર મુળદાસને કહેવા લાગ્યા અરે મુળદાસજી તમે તો સંતના વેશમાં છો. આનુ પરિણામ શું આવશે તે તમે જાણો છો.?

સુબેદાર આ મુળદાસ તમારી સમક્ષ હાજર છે તમારે જે શિક્ષા આપવી હોય તે આપો મુળદાસ બોલ્યા.

સુબેદાર નરમ પડયા તેમને થયું કે અ બધુ નર્યુ જુઠાણું જ છે મુળદાસતો મહાન સંત છે તેના શિરે આવો દોષ કેમ ઢોળાય. મુળ દાસ ગુનેગાર નથી જ એમ મારો અંતરાત્મા કહે છે. મુળદાસે નકકી આ પાપનો પોટલો પોતાના શિરે લઈ લીધો છે. ત્યાં તો મહાજનમાંથી એક જણ બોલ્યો આ બાવાને અવળે ગધેડે બેસાડી ખાસડાનો હાર પહેરાવો. ત્યાં વળી બીજો બોલ્યો આ બાવો તો કેટલાય સમયથી આવા ધંધા કરતો હશે. આને ગામ બહાર કાઢો. વળી.. એ આને ગામ બહાર કાઢો એમ ત્રીજો બોલ્યો. મહાજન લોકો આમ બોલી ચાલતા થયા.સુબેદાર મુળદાસને કહેવા લાગ્યા કે હે સંત તમે શા માટે આ દોષનો ટોપલો માથે ઓઢો છો. જેવું હોય તેવું કહો તો હજુ પણ સમય છે. આ વડોદરા રાજયની અદાલત તમારી વિરુધ્ધ થશે તે ખ્યાલ છે. અરે સુબેદાર હાથી ઉપર બેસવાવાળો મુળદાસ ગધેડે બેસવા તૈયાર છે. અમારે સાધુને તો બધુ સરખું તમે જ ઢીલ કરો છો.

અમરેલીમાં ચોરે ને ચૌટે વાત થવા લાગીને ધીરે ધીરે પ્રજાજનો મૂળદાસને ધિક્કારવા લાગ્યા. અંતે મુળદાસને સજા કરવા સૌ તૈયાર થયા. સજાનો દિવસ પણ આવી ગયો. મહાજન લોકો ગધેડું અને ખાસડાનો હાર લાવી મુળદાસના આશ્રમમાં આવ્યા. માનવ મેદની ભેગી થવા લાગી. મૂળદાસને ગધેડા ઉપર બેસવાનો હુકમ કરવામાં આવ્યો. રતન રડતી રડતી બેભાન થઈ ગઈ.

વેલબાઈની આંખોમાંથી પણ આસુંઓની ધારા થવા લાગી. વેલુબાઈ કહેવા લાગ્યા કે મારા રામ અમારી લાજ રાખજે. અમો તો સંસાર છોડી તારા શરણે આવ્યા છીએ. તારા સિવાય અમારું જગતમાં

છે પણ કોણ, આશ્રમમા રહેલી રામ અને કૃષ્ણની મૂર્તિને કહેવા લાગ્યા.

મહાત્મા મૂળદાસ તો પ્રભુ રામનું નામ લઈ મહાજનોના કહેવાથી ગધેડા ઉપર બેસી ગયા.સૌ મૂળદાસને ધિક્કારવા લાગ્યા. મુળદાસ ઉપર પત્થરોનો વરસાદ થવા લાગ્યો મૂળદાસનું સમાજે અપમાન કરી ગધેડે બેસાર્યા. લોકો ફીટકાર વરસાવવા લાગ્યા. એક મહાન પુરૂષની મહત્તા અને ઉજવળ કીર્તિ આ એક ક્ષણમા જ સમાજના પગમાં છુંદાવા લાગી, છતા પણ મુળદાસતો પોતે કરેલા મહાન શુભકાર્યથી અંતરમાં શાંતિ રાખી એકતાર થઈને રામરામ ભજન કરતા હતા ને ઘોર અપમાન ને અપકીર્તિ વરસાવતા અંગારા પ્રેમપૂર્વક સહી લેતા હતા.મુળદાસનુ મન પ્રસન્ન છે. વાહ ! પ્રભુ વાહ ! ધન્ય છે તારી લીલાને કયારેક હાથી અંબાડીએ તો કયારે ગર્દભની સવારીએ.મુળદાસનુ મોં મલકી ઉઠયું

વેલુબાઈ મુળદાસના પગમાં પડી રડતા રડતા કહેવા લાગ્યા હે સ્વામીનાથ ! આપ શું ગધેડા ઉપર બેસશો ?

દેવીજી તમો આમ હિંમત હારશો તો ચાલશે નહિ, હે ! દેવી પ્રભુ રામ તો આપણી ભેળા જ છે. મુળદાસે હાથી ઉપર સવારી કરી તો હવે ગધેડા ઉપર પણ સવારી કરવાની છે. પરંતુ દેવીજી તમોને ખ્યાલ છે ? હાથી ઉપર બેસી જામજીના દરબારમાં ગયો ત્યારે જન્મની ખુશાલી હતી આજે તો ગધેડા ઉપર બેસી બે જીવને ઉગારવાનો આનંદ છે. સંતોની સાચી કીર્તિ તો આવા જીવોને ઉગારવામાં જ થાય છે. તમો સમજુ થઈને રડો તે વ્યાજબી ન કહેવાય. હાથી ઉપર તો દુનિયાની મોહમાયાનો ઠાઠ ભર્યો હતો. હાથી ઉપર બેસીને કોઈ જીવ ઉગારવાની વાત આવી ન હતી.આજે મુળદાસને અમરેલીમાં ગધેડા ઉપર બેસીને દિકરી રતનનો જીવ બચાવવો છે એ મોહમાયા રૂપ હાથીની અંબાડી ઉપર બેસવા કરતા તો આ મૂળદાસ

ગધેડા ઉપર બેસીને જીવ બચાવે એજ ઉત્તમ છે. મૂળદાસની ડોકમાં ખાસડાનો હાર પહેરાવવામાં આવ્યો. વેલુબાઈ તો આ દ્રશ્ય જોઈને ધ્રુસકે ધ્રુસકે રડી પડયા.અરે રે...! સ્વામી ગઈ કાલ સુધી આ સમાજ તમારા શરણે પડતો હતો અને આજે એજ સમાજ તમારા ગળામાં પગરખાનો હાર પહેરાવે છે.

દેવીજી આ તો બધી મનની માન્યતા છે. અમારા જેવા સાધુને તો બધુ સરખું જ છે. અંતે મૂળદાસની ગર્દભ સવારી આગળ ચાલવા લાગી.

મુળદાસજીના શિષ્યો અને ભકતોની આંખ્યો ભીની થઈ ગઈ. રતનબાઈ અને પત્ની વેલુબાઈ બે ભાન થઈ ઢળી પડયા. રતનબાઈ ભાનમાં આવતા કહેવા લાગ્યા કે હે પિતાજી ! તમે સાચે જ જગતના નાથ છો. તમો બે જીવ બચાવવા માટે. તમે તમારી સંત શકિતને કાળો ડાઘ લગાડયો.ધન્ય છે મુળદાસની ઉદારતાને કે જેણે પોતાના સંતપણાનો ભોગ આપી એક મહાન ઈતિહાસ સજર્યો છે.આ ગધેડાની સવારી તો અમરેલીની શેરીએ શેરીએ ફરવા લાગી.પાછળ છોકરા હુરિયો બોલાવે છે. ધુળ ઉડાડે છે, મુળદાસતો મસ્તિથી કીર્તન બોલતા જાય છે.

"લાજ શરમ છે લક્ષ્મીના વરની, જેમ રાખે તેમ રહીએ જી,
સતી સભામાં શ્યામ સંભાળે, નાથ લજજા નવ લઈએ રે.
તમે માતા ને તમે પિતા, અમે તમારા છઈએ રે,
મારા મનની તમે જાણો છો, બીજા કેને ન કહીએ રે.
તરણ તારણ અધમ ઉદ્ધારણ, હું છુ દાસ તમારો,
સંતોના આધાર પ્રભુજી, રાખો લાજ અમારી રે.
દુશાસનની દુષ્ટ સભામાં, પાંચાલીની પત રાખી રે,
મૂળદાસ કહે મન મોહન મળીયા,સુરનર મુનિવર સાક્ષી રે."

બાદમાં મૂળદાસની ગર્દભ અસવારી ફરતી ફરતી આશ્રમ તરફ આવીને ઉભી રહી.સુબેદાર ને બીજા અમલદારોએ હુકમ કર્યો કે મૂળદાસ તમે હવે ગામમાં રહી શકશો નહિ.ગમે ત્યાં જઈ વસવાટ કરો.

ભલે ! સુબેદાર તમે જેમ કહેશો તેમ કરશું. સાધુને વળી અહિં રહેવાનો મોહ શા માટે રાખવો જોઈએ.પરંતુ સુબેદાર ..! અમરેલી છોડતા પહેલા હું મારા રામને છેલ્લીવાર મળી લઉ અને મારા રામને ઘરાઈ ઘરાઈને નીરખી લઉ અને દર્શન કરીને આશ્રમનો ત્યાગ કરીશ. સુબેદારોએ મૂળદાસજીની વાત માન્ય રાખી અને દર્શન કરવા જવાની છુટ આપી. મૂળદાસ આશ્રમમાં આવી દંડવત્ પ્રણામ કર્યા.

તનની જાણો મનની જાણો, હે વિશ્વપતિ સ્વામી,
ઘટઘટમાં તુ વ્યાપી રહ્યો છે, આતમરામ અનામી...પ્રભુજી
પ્રેમે સ્વીકારી ભેટ પ્રભુજી, નથી રે તેમાં કોઈ ખામી,
નિત્ય કરી છે, સેવા તમારી,ભરી લઉ છેલ્લી સલામી...પ્રભુજી
પુષ્પ ચડાવ્યા છે નિત્ય તમોને, તુ છો વૈંકુઠ ધામી,
પ્રેમથી સ્વીકારજે વ્હાલા, છેલ્લી મારી સલામી ....પ્રભુજી
સર્વ નિયંતા સર્વોપરિ, તમે છો અતંરજામી,
મૂળદાસ કહે કાયમ વ્હાલા, કરીશ તમારી ગુલામી

મૂળદાસ પોતાના રામને પ્રાર્થના કરે છે કે છે હે મારા રામ તને તો રોજ મે પુષ્પોના હાર ચડાવ્યા છે. અને આજે તો તારા ભકતને કેવો સરસ હાર આ સમાજે ચડાવ્યો છે.માટે આજે તો આ મારા છેલ્લા દર્શન છે. રાજી રહેજો એમ કહી મૂળદાસ ભગવાનના ચરણમાં દંડની પેઠે પડે છે, ત્યાં તો મૂર્તિમાંથી અવાજ આવે છે. ધન્ય ! ધન્ય ! ધન્ય! છે. મળદાસ ! તમને ધન્ય છે. આ બધુ જોઈને સુબેદારો મુળદાસના પગમાં પડી ગયા ને માફી માગીને કહેવા લાગ્યા હે સંત અમારી

ભૂલ થઈ ગઈ છે. સોરઠના આ મહાન સંતને ગધેડે બેસાડી અમોએ સંતપણાનું ઘોર અપમાન કર્યું છે હે લાડીલા સંત તમો હવે આશ્રમમાં પાછા પધારો અને અમોને માફ કરો.

મુળદાસ કહે છે કે સુબેદાર હમણા મારી જરાપણ ઈચ્છા નથી.મને મારો રામ જયાં લઈ જશે ત્યાં હું જઈશ.

બાદમાં મૂળદાસજી વેલુબાઈ અને રતન બહાર ગામ ચાલી નીકળે છે. ચાલતા ચાલતા વડી ઠેબીને કિનારે આવ્યા છે. મુળદાસ, વેલુબાઈ, રતનબાઈ તથા તેના શિલદાસ વગેરે શિષ્યો પણ સાથે છે.કેટલાક ભાવિક ભકતજનોએ પર્ણકુટિર બાંધી આપી. સત્સંગ કરે છે. મનમાં કાંઈ ઉદ્વેગ નથી. શ્રધ્ધામાં કોઈ ઓટ નથી. ભજનના રણકારમાં કોઈ ફરક નથી.

સમય જતાં રતનબાઈને ત્યાં સંવત ૧૭૯૩માં પુત્રીનો જન્મ થયો છે ને તે પુત્રી નું નામ રાધા પાડયું છે. લાડ કોડથી રાધાનો ઉછેર થાય છે.

પાવન ઝરણું...

એક દિવસ સવારે મૂળદાસજી રામાયણની સુંદર કથા કરે છે. ઝુપડીમાં મૂળદાસ તથા તેના શિષ્યો પૂજાપાઠથી વહેલાં પરવારી કથા કરે છે. ત્યારે રતન મૂળદાસને કહેવા લાગી હે બાપુ મારે લીધે તમોએ કેવું કષ્ટ માથે ઓરી લીધું છે. મારા કારણે તમારે કેવો ત્રાસ વેઠવો પડયો.મને કવે પડવા દીધી હોત તો સારું હતું. તમારો લોકોએ તિરસ્કાર કર્યો,અપમાન કર્યુ અને અમરેલીના આશ્રમમાંથી કાઢી મૂકયા. બાપુ..! રાત–દિવસ હું તમારી જ ઉપાધિ કર્યા કરું છું. એમ કહીને રતનબાઈ રડવા લાગ્યા. બાપુ આશ્રમમાં આવક બંધ થઈ ગઈ કયારેક તો ખાવાનું પણ ન મળે એવી કપરી વેળા આપણી થઈ.

ત્યારે મૂળદાસજી આશ્વાસન આપે છે કે બેટા રતન ! જેવી

મારા ભગવાનની ઈચ્છા, અમારે સાધુને તો શું માન ને શું અપમાન, પણ તમે બે મા દિકરી તો બચી ગયા, એજ મારા ભગવાનની કરૂણા છે.. દિકરી ! તારે ઉદ્વેગ ન કરવો મારો રામતો બધુ જાણે છે. આ તો મારા રામની કસોટી હતી. હું તો નિમિત માત્ર હતો, અંતે મારા રામે મને ઉગાર્યો., દિન દયાળુ દયા કરશે. બેટા ભગવાનમાં વિશ્વાસ રાખો.

બરાબર તે જ વખતે ઝુપડીની પાછળ ગામડાના ખેડુતો બેઠા હતા. કારણ કે અમરેલી પીઠમાં અનાજ વેચવા જતા દરવાજો બંધ હતો. તેથી નદી કિનારે ઝુપડી પાછળ બેઠા હતા તેમણે મૂળદાસ અને રતનનો સંવાદ બરાબર સાંભળ્યો. સંતનો આવો ત્યાગ–વૈરાગ્ય અને સમજણ ને બીજાના દુઃ ખ માથે લઈને ઉપાધિ વહોરી વગેરે ભેદ સમજી ગયા. ઝુપડીમાં આવ્યા. મૂળદાસના ચરણમાં નમી પડી ભાતાના ડબરા આગળ મુકી પગે લાગ્યા, સવારે ગમમાં જઈને મહાજનોને બધી વાત કરી .

જીવ ઉગારવા સંત મુળદાસે ખોટુ કલંક માથે લીધુ હતું. એવી ખબર પડતા અમરેલીના મહાજનો પસ્તાવા લાગ્યા અને તેઓના અંતરાત્માં કહેવા લાગ્યા કે, હે મારા મૂળદાસ અમોને માફ કરો અમો તમારા અપરાધી છીએ અમોએ આ સોરઠી સંતને વિના વાંકે દુઃખી કર્યા.

અમરેલીના મહાજનો મૂળદાસની ઝુપડી પાસે દોડી આવ્યા અને પગમાં પડી માફી માગે છે. અને પાછા આશ્રમમાં પધારવા ખૂબજ આજીજી કરે છે, બાપુ તમે તો અમારા લાડીલા સંત છો. અમે તમને ઓળખી ન શકયા. તમારી અને રતનની વાતે અમારી આંખ ઉઘાડી નાખી છે. અમારી આંખો ઉપરનો અંધકાર દૂર થયો છે. અમે તમારો અને રતનનો મહા અપરાધ કર્યો છે. અમે તો તમારી ચરણરજ છીએ. બેન રતન અમોને માફ કરજે તું દેવી છો.હે બેન અમોએ અમારા સંતને ઘણુંજ દુઃખ આપ્યું છે. બેન રતન અમને માફ કરી દેજે. મહાત્મા

મૂળદાસજી તમે પણ અમને માફ કરો માફ કરો, અમારા લાખ લાખ વંદન છે આમ, અમરેલીનું મહાજન પસ્તાવાના પાવન ઝરણાથી અને મૂળદાસજીના પરોપકારથી પાવન થયું.

નહી દરિદ્ર સમ દુઃખ જગમાંહી,
સંત મિલન સમ સુખ કછુ નાહિ.
પરઉપકાર વચન મન કાયા,
સંત સ્વભાવ સહજ ખગરાયા.

આ જગતમાં દરિદ્રતા જેવું કંઈ દુઃખ નથી ને સત્સંગ જેવું બીજું સુખ નથી. મન વાણી અને કાયાથી પરોપકાર કરવો એતો સંતનો સ્વભાવ છે. સંતને માન અપમાનની પડી હોતી નથી.

બસ કરો મારા પ્રભુ હવે બસ કરો. ગઈ ગુજરી જવા દ્યો. અમારાથી હવે ગઈ ગુજરી સાંભળી શકાતી નથી. તમો જ જગતના નાથ છો. આપને હવે અમો તેડયા વગર જવાના નથી. ખૂબજ કરગરીને પગમાં પડીને કહે છે કે મૂળદાસજી તમે પાછા આશ્રમમાં પધારો.

બીજે દિવસે સવારે સંત મુળદાસને અમરેલીનો સમાજ વાજતેગાજતે પાછા લાવ્યા. આખુ અમરેલી મુળદાસને નમી પડયું.

મુળદાસજી કયારેક અમરાપુર અને કયારેક અમરેલી આશ્રમમાં રહે છે. આ બાજુ અમરેલી આશ્રમમાં રાધા તો રતનની ગોદમાં ને દાદા મુળદાસના લાડથી મોટી થઈ ગઈ છે. રાધા યુવાન થઈ છે અને દાદા ના ગુણો રાધા ઉપર ઉતર્યા છે.

રાધા દરરોજ મુળદાસ પાસે રામાયણનું વાંચન કરતી ને જ્ઞાન મેળવતી, સારી સદ્‌ગુણી દિકરી થઈ છે. મુળદાસની કીર્તિ પાછી ચોતરફ ફેલાવા લાગી છે. આશ્રમમાં ભકતોની સંખ્યા વધવા લાગી.

આનંદનું આગમન...

આશ્રમમાં એક સમયે અયોધ્યા તરફથી સરવરીયા શાખાનો ધનંજય નામનો એક બ્રાહ્મણ ફરતો ફરતો આવી ચડયો, પોતે વિધુર હતો. પુત્ર આનંદ સાથે હતો. મૂળદાસના આશ્રમમાં આવી રહેવા લગ્યા. અને સેવા કરવા લાગ્યા. આ બ્રાહ્મણ ભજન પણ સરસ ગાતા હતા. પુત્ર આનંદ પણ ભજનાનંદી અને ભક્તિ ભાવવાળો હતો.

મુળદાસને એક દિવસ વિચાર આવ્યો કે આનંદ છોકરો તો સારો છે, રામાયણ અને શાસ્ત્રોનું જ્ઞાન પણ શીખતો જાય છે, અને સુંદર ગાયક પણ છે. તો રાધાના લગ્ન આનંદ સાથે થાય તો કશું ખોટું નથી.

એટલે પત્ની વેલુબાઈને બોલાવી કહ્યું કે રાધાને માટે આનંદ જેવો બીજો વર મળશે નહિ. તો રાધાના લગ્ન આનંદ સાથે કરીએ તો વાંધો નથી. આમ વેલુબાઈએ પણ આનંદની લાગણી વ્યકત કરી હા પાડી.

ત્યારબાદ મુળદાસે ધનંજયને વાત કરી કે રાધાના લગ્ન આનંદ સાથે થાય તો તમારે કંઈ વાંધો છે. ? ત્યારે ધનંજયે કહ્યું કે હે સંત, તમો તો મહાપુરૂષ છો. મારા તો અહોભાગ્ય કહેવાય કે રાધા જેવી સંસ્કારી દિકરી આનંદને પરણતી હોય, ત્યાર પછી એક દિવસ નકકી કરી મહાજન લોકો ભેગા થઈ ધામધૂમથી સંવત ૧૮૧૧ માં રાધાના લગ્ન આનંદ સાથે કરાવે છે. મુળદાસે આનંદનું નામ **આનંદરામ** રાખ્યું છે.

મુળદાસ અમરાપુર ગામમાં અવાર નવાર પધારતા હતા. ત્યાના લોકોને મુળદાસ ઉપર ખૂબ ભાવ હતો. મુળદાસ અમરાપુરને ચોરે કથાવાર્તા કરતા હતા. ગામના હરિભકતોએ કહ્યું કે બાપુ ! તમે

અહીં જ રહો. આ રામજી મંદિરની પૂજા કરો ને અમને કથા સંભળાવો આ મંદિર તમારું જ છે. મૂળદાસ કહે સારુ. પછી હરિભકતોના આગ્રહ અને પ્રેમભાવથી રાધાને કહ્યું કે બેટા આ અમરાપર ગામનું રામજીમંદિર તારા કરિયાવરમાં આપુ છું. તમે બન્ને અહીં રહો સેવા પૂજા કરો, ભજન કરો ને કરાવો. મારાં તમોને રૂડા આશીર્વાદ છે. અમો અહી નજીક છીએ અવાર નવાર અમરેલી પણ આવતું રહેવું.

જયારે જયારે મૂળદાસ સત્સંગ વિચરણમાં જાય ત્યારે અમરેલીના આશ્રમની દરેક જવાબદારી આનંદરામ સંભાળે છે.

મુળદાસજી એક સમયે ગિરનારની યાત્રાએ જાય છે. મહા શિવરાત્રી ઉપર ગીરનારના ખોળે ભાવિક જનો ઉમટી રહ્યા છે. દિવથી રામજી ભગત પણ આ ઉત્સવમાં આવે છે. જે રામજી ભગત મહાત્મા મુળદાસના શિષ્ય છે. ગિરનાર ચડતા રામજી ભગતને મહાત્મા મૂળ દાસના દર્શન થાય છે. રામજી ભગત જાજા દિવસે ગુરૂના દર્શન થયા એટલે દોડી ગુરૂના ચરણમાં પડયા. અહો અહો મારા ગુરૂદેવ પધાર્યા. મને દર્શન થયા મારા ધન્ય ભાગ્ય.મુળદાસજી કહે છે અહો રામજી ભગત તમે પણ પધાર્યા છો ? હા..! બાપજી આજે તો હું ધન્ય ભાગી બની ગયો પ્રભુના ધામમાં મને મારા ગુરૂદેવ મળી ગયા. રામજી ભગત હાથ જોડીને વિનંતી કરે છે કે હે ગુરૂદેવ આપ અહીં સુધી પધાર્યા છો તો હું આપને આમંત્રણ આપુ છુ કે આપ આ સેવકને ઘેર દીવમાં જરૂર પધારો અને મારું આંગણું પાવન કરો એવી મારી પ્રાર્થના છે. મહાત્મા મુળદાસજીએ ભગતને કહ્યું કે તમારો પ્રેમભર્યો આગ્રહ છે તો હું જરૂર યાત્રા પૂર્ણ કરી દિવમાં આવીશ. આમ કહી મહાત્મા મુળદાસ જુદા પડયા. રામજી ભગતને આજે હર્ષ સમાતો ન હતો. ઉતાવળે યાત્રા પુરી કરી દીવ પોતાને ઘેર ગયા કારણ કે ભગતને મન તો પ્રભુ પધારે એટલો આનંદ હતો.

દિવમાં દિવો...

યાત્રા પૂરી કરી મહાત્મા મુળદાસ દીવ તરફ પ્રયાણ કરે છે.દીવ જતા રસ્તામાં ખાડી આવે છે. ખાડીને સામે કિનારે ફીરંગી સરકારના હકુમત નીચે દીવ આવેલુ છે. રામજી ભગત પણ સામે કિનારે પોતાના ગુરૂને લેવા આવી ગયા હતા. તેણે હાથ ઉંચો કરી મહાત્મા મૂળદાસને આવકાર્યા. રામજી ભગત અધિકારીઓ પાસે ગયા.અને કહ્યું કે મને એક હોડી આપો સામે કિનારે મારા ગુરૂ પધાર્યા છે તેને મારે તેડવા જવું છે ને મારે ઘેર પધરામણી કરાવવી છે. માટે મહેરબાની કરીને મને જલ્દી હોડી આપો.રામજી ભગતનું હૃદય ગુરૂને મળવા તલપાપડ થઈ રહ્યું હતું. અમલદારોના હૃદય પાષાણ જેવા બની રહ્યા હતા. અમલદારોએ કહ્યું કે હોડી અત્યારે નહિ મળે.

રામજીભગત હાથજોડી ક કરગરવા લાગ્યા. મારા ગુરૂ ભગવાન જેવા છે.ત્યારે અધિકારીઓએ કહ્યું કે તારા ગુરૂ જો ભગવાન જેવા હોય તો હોડીની શું જરૂર છે પાણી ઉપર ન ચાલ્યા આવે ? રામજી ભગત ઉદાસ થઈ ગયા છે અને ઉંચો હાથ કરી મુળદાસને ઈશારો કરે છે કે આ લોકો હોડીની ના પાડે છે. કે હોડી નહિ મળે. મુળદાસને થયું કે અરે રે.. મારો સેવક મને મળવા કેટલો આતુર છે માટે જો હું પાછો ફરીશ તો મારા ભગતનું હૃદય કેટલું દુઃખથી વ્યથિત બનશે.? જરૂર મારો ભગત ચોધાર આસુંએ રડશે. મુળદાસ અને શીલદાસ વગેરે શિષ્યો વિચારમાં પડી ગયા કે હવે શું કરવું. મૂળ દાસને થયું કે આજે મારા ભગતનું હૈયું વ્યાકુળ બન્યું છે. મારે ગમે તમે કરીને ભગતને ઘેર જવું જ જોઈએ. આ અંગ્રેજો મારા રામનું અપમાન કરે છે એમ કહી મુળદાસજી પોતાની ચાદર પાણી ઉપર પાથરી ભગવાનનું સ્મરણ કરી બેસી જાય છે.

પ્રભુજી સાગર પાર ઉતારો, તારો છે એક સહારો,
નામી કરતા નામે ઉધ્ધાર્યા, રામ નામે પથ્થરા તાર્યા.
મુળદાસ ઉપર મહેર કરો પ્રભુ, નજરે દરશે છે કિનારો,
રામનામની પાથરી છે પછેડી, સાગરમાં મળતી નથી કયાંય કેડી.
સાગર તરવા લેજો રે તેડી, પાર પહોંચાડો તમે જ કિનારે,
સાગર મધ્યે ચાદર બિછાવું, મુળદાસ તારા ભરોસે કિનારે આવું.

પાથરેલી ચાદર ઉપર મુળદાસ તથા તેમના શિષ્યો બેસીને ભજન કરવા મંડયા છે. ચાદર વહાણની જેમ તરતી તરતી સામે કિનારે આવે છે. રામજી ભગત તો આ દ્રશ્ય જોઈ આશ્ચર્યમાં પડી જાય છે. ફીરંગીઓના મુખમાંથી શબ્દો નીકળી પડયા.

"ઓ માય ગોડ, ઓ માય ગોડ" રામજી ભગત તો ગુરૂના ચરણમાં પડી જાય છે. ફીરંગીઓના અધિકારીઓ પણ મુળદાસના ચરણમાં પડે છે.

એક ફીરંગી કહે છે. ઓહ માય ગોડ ધીસ ઈઝ ગ્રેટ ઈન્ડીયન ગોડ, રીયલી નાવ સીમ્સ ટુ બી લાઈક ગ્રેટ ગોડ ! ધેય એરાઈવ્ડ હીયર ઓન કારપેટ !

બીજો ફીરંગી કહે છે.ગ્રેટ મેઝીક ગ્રેટ મેઝીક ! વી હેવ નેવર સીન એન્ડ નેવર હર્ડ બીફોર ધીસ. ધીસ ઈન્ડીયન ઈઝ ગ્રેટર ધેન વેસ્ટર્ન કન્ટ્રીમેન !

લેટ અસ ગો નીયર ધી કારપેટ એન્ડ સી,હાઉ ધી કારપેટ એરાઈવ્ડ હીયર વીધાઉટ મસીન મેકેનિઝમ ! ઓ માય ગોડ ! વીહુ નોટ અન્ડરસ્ટેન્ડ. ધીસ ઈન્ડીયન સાયન્સ ! ઓફ ધીસ ઈન્ડીયન ગોડ !

(અરે રે ભગવાન ! ફીરંગીઓ બોલ્યા ; આ તો મહાન ભારતીય ભગવાન લાગે છે.કારણ કે તેઓ સાદડી ઉપર આ કાંઠે આવ્યા, બીજો ફીરંગી કહે છે. ઓહ મહાજાદુ ! મહાજાદુ)

આપણે આ અગાઉ આવુ કદી જોયું નથી અને સાંભળ્યું નથી આ ભારતીય ભગવાનનું ભારતીય વિજ્ઞાન જાણી પણ શકતું નથી.)

ત્રણેય ફીરંગીઓ બધાની જેમ આ સંતને અકીટસે જોઈજ રહ્યા !

આઈ થીન્ક ધીસ ઈન્ડીયન ગોડ ઈઝ કેપેબલ ટુ રીચ ઓન મુન વીધાઉટ એની રોકેટ ! મી ફરનાન્દો ડીમેલ સ્પોક.

(આ ભારતીય સંત રોકેટ વગર ચંદ્રમા ઉપર પણ જાય તેવા છે !)

બાદમાં મહાત્મા મુળદાસ ફીરંગીઓ પાસેથી રજા લે છે. ત્યાં બધા ફીરંગી અધિકારીઓ મુળદાસજીના પગમાં પડી ગયા !

ફીરંગીઓ તો અંગ્રેજ ડાન્સ કરતા કરતા મુળદાસને ઘેરી વળે છે,ત્યાં તો ધીરે ધીરે સંખ્યા બંધ ફીરંગીઓ પણ આવવા લાગ્યા.અને ડાન્સ કરતા બીજા ફીરંગીઓને જોઈ નવાઈ પામ્યા અને કહેવા લાગ્યા...

વોટ ઈઝ ધી મેટર વીથ ધીસ મેન ! ઓહ માય ગોડ ! હી ઈઝ નોટ એ મેન ! હી ઈઝ ગ્રેટ ઈન્ડીયન ગોડ,ધેય અરાઈવ્ડ હીયર સીમ્પલ મસીનલેસ કારપેટ ફરનાન્દો સ્પોક.

(અરે એ માણસ નથી.એ તો મહાન ભારતીય ભગવાન છે,આ મશીન વગરની સાદડી ઉપર તેઓ આવ્યા) ત્યાં તો બધા અધિકારીઓ નવાઈ પામ્યા અને એક બીજાની સામુ જોઈ કહેવા લાગ્યા.

લેટ અસ ગો ટુ સી ધ મશીનલેસ કારપેટ ! ઓફ ધીસ ઈન્ડીયન ગોડ ! (આ ભારતીય ભગવાનની મશીન વગરની સાદડી જોવા જવી જ પડશે.)

સાદડી જોયા પછી બધા ફીરંગીઓ આનંદથી નાચવા લાગ્યા., અને મહાત્મા મુળદાસને ઘેરી વળ્યા અને કહેવા લાગ્યા. યુ

આર ઓલ્સો અવર ગોડ !

મહાત્મા મુળદાસને પણ હસવું આવ્યું અને દરેક ફીરંગીઓ વાજતેગાજતે સંત મુળદાસને રામજી ભગતને ઘેર લઈ ગયા. દીવમાં પણ ચોરે અને ચૌટે વાતો થવા લાગી કે કોઈ ભગવાન જેવા સંત આવ્યા છે અને સાદડી ઉપર બેસીને ખાડી તરીને આવ્યા છે.

ધીરે ધીરે રામજી ભગતનું ઘર દીવ વાસીઓથી ભરાવા લાગ્યું અને દીવ વાસીઓ આ સંતના દર્શન કરી ધન્ય બન્યા. સંત મૂળ દાસને થોડા દિવસ રામજી ભગત પ્રેમથી દીવમાં રોકે છે.

એવામાં દિવમાં એક માનબાઈ નામની સાધ્વી રહેતી હોય છે. મૂળદાસે સાદડી પાથરી ખાડી પાર કરી, એ વાત સાંભળી આ માનબાઈ પણ મુળદાસના દર્શન કરવા આવી,અને મુળદાસ પાસે બેસી મુળદાસની વાણી સાંભળતી. માનબાઈને સોરઠી સંત ઉપર ભાવ ઉત્પન્ન થયો. માનબાઈએ મુળદાસને પ્રાર્થના કરી કે મહાત્માં હું મારા જીવનમાં કોઈ દિવસ ધાર્મિક જીવન જીવી નથી અને કયારેય મેં ભગવાનનું ભજન કર્યુ નથી. પણ તમારી આવી દિવ્ય વાણી સાંભળી મારા જીવનનું પરિવર્તન થયું છે. હવે મને આ જીવનમાં ભગવાન સિવાય કયાંય ગમતું નથી સંસાર અસાર લાગે છે. માટે મને એવાં આશીર્વાદ આપો કે મને ભગવાનની પ્રાપ્તિ થાય.

મુળદાસ કહે દેવીજી આ જગત સચરાચર બ્રહ્મથી ભરેલું છે. અહીં જયા સત્સંગ કથા કિર્તન હોય ત્યાં કાયમ પરમાત્મા બીરાજેલા જ હોય છે. માટે પ્રભુ શરણ સ્વીકારી મન કર્મ વચને તેને વરો ને ભજન કરવા મંડો. અંતરથી દરેક પ્રકારની વાસના ત્યાગી લગની એક મારા રામ સાથે લગાડો ને પ્રભુ સ્મરણથી આત્માને જગાડો.

હે...! દેવીજી પ્રભુને વરવા ચાલે તેના વીચારો કયારેય ન ફરવા જોઈએ. માટે એક તાર ભગવાનની મૂર્તિમા મન લગાડો અને

તમારે અમર ચુંદડી ઓઢવી હોય તો.....

"ઓઢું હું તારી ચુંદડી દુઝો ડાઘ ન લાગે કોય"

એવી ચુંદડી બતાવું કે આ અતુટ એવી બ્રહ્મ ચુંદડીને કદી ડાઘ નહી લાગે અને કદી ગંદી પણ થશે નહિ..

સુંદરવરની ચંદડી, સર્વે સંત ઓઘારણ ચુંદડી;
માહે આતમરામ આક, સુંદરવરની ચુંદડી.
તપ ને તીરથ મેં બહું કર્યા, મેં કિધા શુભ વ્રત કાજ;
ભવ ને ભવાની મેં ભજયા, સુંદરવર વરવાને કાજે...સુંદર

મારા ગુરૂએ ઓઢાડી ઘાટડી, માહે શ્રી ફળ ચાર;
મારુ શ્રીરંગ શું સગપણ કર્યુ, તેના પુણ્ય તણો નહિ પાર.. સુંદર

બ્રહ્માજીએ વણ વાવ્યું, તેને વણી લીધુ વેદ;
સનકાદિક સુતર કાત્યું, તેનો કોઈક જાણે ભેદ...સુંદર

ત્રણ ગુણે તાણો વણ્યો, માંહે પ્રેમરસનું પાણ;
ચોવીશું શાળે ચડયું, તેનો વણનારો ચતુર સુજાણ..સુંદર

વેદવ્યાસે રંગી ચુંદડી,શુકદેવે પાડી ભાત;
બુદ્ધિવંતે બુટા ભર્યા, તેની જુજવી જુજવી જાત..સુંદર

મન કર્મ વચને માયરું, મેં મેલી છે લોકની લાજ;
હથેવાળો હરીશું ગ્રહ્યા, મેં તો મધ્ય મંડપની માજ..સુંદર

રાતો રંગ મજીઠનો, તેનો પૂરણ લાગ્યો પાશ;
અનંત જુગે નહિ ઉવટે, એમ મહાજન કહે મુળદાસ..સુંદર

ચુંદડીના વર્ણન પછી મુળદાસની વાણી પૂરી થઈ. આ બાજુ માનબાઈ તથા સર્વે શ્રોતા ગણોની આંખમાંથી આંસુઓની ધારા વહી.

માનબાઈ બોલ્યા હે...! સંત આજે તમોએ અમને દિવ્ય જ્ઞાન આપ્યું છે. આ જ્ઞાન સાંભળી મારા જેવી એક નહિ પણ અનેક

નારી જાતી ને તમે યોગ્ય રસ્તે વાળી છે. હે..! સંત જે હૃદયમાં જગત ભર્યું હતું. અત્યારે મારા હૃદયમાં ભકિતરૂપી સુવાસ ભરાઈ ગઈ છે.

હે..!! મહાત્મા તમને વંદન હો...

હાથ જોડી માનબાઈ બોલ્યા કે મુળદાસજી તમે મને દિવ્ય જ્ઞાન આપ્યું . આ રામજી ભગત આવા સંતને અહિં તેડાવી મારા જેવા કેટલાયનું કલ્યાણ કરાવ્યું છે. .....

આવી રીતે રામજી ભગતને ઘેર સત્સંગ કથાવાર્તાથી માનબાઈ પણ ભકત બનેછે.

સમય જતાં રામજી ભગતને ત્યાંથી વિદાય લઈ મહાત્મા મૂળદાસ અમરેલી આવે છે. અમરાપરમાં પણ એક આશ્રમ છે. રોજ રામાયણની સુંદર કથા થાય છે. આનંદરામ અને રાધા બન્ને પતિપત્ની ભાવથી સંત મુળદાસની સેવા કરે છે, આશ્રમ ચલાવે મુળદાસ જયારે વિચરણમાં જાય ત્યારે આનંદરામ આશ્રમનો કારભાર ચલાવે છે.

મુકુંદદાસનો જન્મ...

સમય જતાં એક દિવસ આશ્રમમાં આનંદનો દિવસ ઉગ્યો છે. આનંદરામને ત્યાં એક મુકતનો જન્મ થયો છે. સંવત ૧૮૧૪માં પોષ સુદ–૭ નો દિવસ છે. આનંદરામને ત્યાં ભયો ભયો થઈ રહ્યો છે. રાધા દેવીના કુખે અનાદિ મુકતરાજ શ્રી મુકતાનંદસ્વામી રૂપી અમુલ્ય સુગંધિત સંતપુષ્પ નિષ્પન્ન થયું. મૂળદાસજી એ તે બાળકનું નામ મુકુંદ પાડયું છે, દિવસે દિવસે તે મુકુંદ મોટા થવા લાગ્યા છે. મુકુંદ અતિશય સ્વરૂપવાન્ છે. સૌ તેને વહાલથી બાલમુકુંદ કહીને બોલવવા લાગ્યા. આ બાલમુકુંદને જોવા નારીઓના ટોળે ટોળા આવતા હતા. રાધાનો આ બાલમુકુંદ ખરેખર બાલમુકુંદ જ હતો. આનંદના મહાસાગરમાં આજ આનંદરામનું કુટુંબ અત્યાનંદના હીલોળે ચડયુ

હતું. મુકુંદ પિતા પાસે સદ્‌વિદ્યા પ્રાપ્ત કરે છે. નાનપણથી જ વૈરાગ્યવંત હતા.

એક દિવસ જામનગરથી મૂળદાસ ઉપર લુહાર ભકતના સમાચાર આવ્યા કે તમે ઘણા સમયથી જામનગર આવ્યા નથી તો જામનગર પધારો અને અમને સત્સંગનો લાભ આપો. મુળદાસને થયું કે હમણા કયાંય જવાણું નથી ને જામનગરના ભકતોનો આગ્રહ છે તો હું જામનગર જાવ. એક દિવસ મૂળદાસે આનંદરામ અને રાધાને બોલાવીને કહ્યું કે બેટા રાધા હું થોડા દિવસ જામનગર જાઉ છું. આશ્રમનો કારભાર બરાબર સંભાળજો અને રાધા દિકરી..! તમારા બાને બરોબર સાચવજો એમની સેવા કરજો. ને સાધુ સંતો આવે તેને જમાડજો અને આનંદરામ કહે તેમ કરજો. આશ્રમમાં જે કોઈ આવે તેને પ્રેમથી ટુકડો જમાડજો.બેટા આનંદરામ ! બેટા રાધા તમે બન્ને પતિપત્ની આ આશ્રમમાં સુખેથી જીવન જીવી ભગવાનનું ભજન કરજો, તમારું જીવન એશ આરામ માટે નથી પણ પ્રભુ મેળવવા માટે છે, ગૃહસ્થાશ્રમમાં પણ ત્યાગી જીવન જીવી શકાય છે.મૂળદાસ રાધા અને આનંદરામને સલાહ આપીને જામનગર તરફ રવાના થયા છે.

જામનગરમાં લુહાર ભકતને ઘેર ઉતર્યા છે.આણંદ ભગતને પણ ખબર પડી એટલે તે પણ મળવા આવે છે ને મુળદાસને ભેટી પડે છે. રાત્રે સત્સંગ સભા થઈ, બધાને ખૂબ આનંદ આવ્યો પછી ભકતોએ પુછયું બાપુ ! અમરેલી મહાજને તમારું અપમાન કર્યુ એ જાણી અમને બહુ દુઃખ થયું.અમારો મહાન સંત કદી આવો હોય નહિ. અને અમરેલીના સમાજને સાચી વાતનો ખ્યાલ આવતા તમારી પાસે માફી માગીતે વાત પણ અમોએ સાંભળી. ધન્ય છે તમારી સહન શીલતાને તમે બે જીવ ઉગાર્યા એવા પણ અમને સમાચાર મળ્યા હતા. મુળદાસ કહે સંતને માન અપમાન સમ હોય છે.આપણે ભજન કરવું ને કરાવવું. બે જીવ બચી ગયા તે ભગવાનની કૃપા..! બધાને

થયું ધન્ય છે મુળદાસને.

પછી એક દિવસે લુહાર ભકતએ કહ્યું કે બાપુ તમે જે જામ લાખાજીને તથા તેના પુત્ર જશાજીને કંઠી બાંધી હતી તે તોડી નાખી છે. એમા એવું થયું બાપુ ! જેવો સંગ તેવો રંગ લાગે, એક દિવસ કચ્છના વૈષ્ણવાચાર્ય જામસાહેબના દરબારમાં આવ્યા. તેને ખબર પડી કે જામસાહેબે મુળદાસની કંઠી બાંધી છે ને તેના શિષ્ય થયા છે, અવારનવાર તે ઘણું ધન મૂળદાસને આપે એટલે ઈર્ષ્યાથી વૈષ્ણવાચાર્યે જામસાહેબને કાન ભંભેરણી કરી કે બાપુ મૂળદાસની કંઠી તમને શોભે નહી તેની માથે તો કલંક છે. ખોટુ કાંઈ કલંક આવે નહિ, કંઈક ડાળમાં કાળુ હશે, મૂળદાસના ગળામાં ખાસડાની માળા પહેરાવી ગધેડે બેસાર્યાની પણ વાત થાય છે. હવે તો આ વાત ઉપર ઢાક પછેડો થઈ ગયો છે. સમાધાન પણ થઈ ગયું છે પણ બાપુ ! તમારી જેવા જામનગરના રાજાના ગુરૂ ખાસડાની માળા પહેરે તે વ્યાજબી નહી. એવા ગુરૂ તમારે ન કરવા જોઈએ તેની કંઠી તોડી નાખો વગેરે આડુ અવળુ ઘણુય ભરાવ્યું એટલે જામ જશાજીએ મૂળ દાસની કંઠી તોડી નાખી, રાજા કાચા કાનના અને નાની ઉમરના હતા તે વૈષ્ણવાચાર્યની વાત ગળે ઉતરી ગઈ. પછી જશાજીએ વૈષ્ણવાચાર્યની કંઠી બાંધીને તેને ગુરૂ કર્યા છે ને સુંદર હવેલી પણ બંધાવી આપી છે. ત્યાં વૈષ્ણવાચાર્ય રહે છે. જશાજીજામ હવેલીએ અવાર નવાર દર્શન કરવા પણ જાય છે. મૂળદાસજી કહે ભલે ને કંઠી તોડી નાખી. ભકતો કહે બાપુ સુંદર હવેલી પણ જામ સાહેબે બંધાવી આપી છે.

મુળદાસ કહે તો ચાલો આપણે હવેલીમાં બાલમુકુંદના દર્શન કરવા જઈએ, બધા હવેલીમાં દર્શન કરવા આવે છે. ઉંચા ગાદીતકીયે આચાર્ય બેઠા છે. સામે જશાજી ને મેરુ ખવાસ વગેરે બેઠા બેઠા આનંદથી વાતો કરે છે. મૂળદાસે હવેલીમાં પ્રવેશ કર્યો છે. બધાની નજર મૂળ દાસ ઉપર પડી છે. મેરુ ખવાસ કહેવા લાગ્યા કે જામ સાહેબ આતો

આપના પિતાજીના ગુરૂ મુળદાસજી છે. આપના પણ ગુરૂ છે. તમને પણ મૂળદાસે જ કંઠી બાંધી હતી.

મૂળદાસજી આવી બાલમુકુંદને દંડવત્ કરી આચાર્યને પગે લાગે છે. જામ સાહેબ સામુ જોઈને મુળદાસને હાથ જોડે છે જામ સાહેબે કહ્યું પધારો પધારો એમ કહી આસન આપ્યું છે. વૈષ્ણવાચાર્ય બોલ્યા તમે જ મૂળદાસ છો ? હા મહારાજ હું મૂળદાસ. આચાર્ય કહે અરે..! અમરેલીમાં ખાસડાની માળા પહેરી ગધેડે બેસનાર એજ મુળ દાસ તમે.....!! અરે મૂળદાસ સંત થવું સહેલુ નથી, ભકિત પચાવવી મુશ્કેલ છે. તમે સંત બનીને આ શુ કર્યું ? મુળદાસ કહે આચાર્યજી હું સંત પણ નથી ને મહાત્મા પણ નથી. હું તો માત્ર મુળદાસ છું. દુનિયાએ મને સંત બનાવ્યો અને તેમણે જ મને શૈતાન બનાવ્યો. આચાર્યજી..! શૈતાન બનવું અને શૈતાન બનાવવો તેમાં બહુ ફરક છે.

એક દિવસ આ મુળદાસને આ જામ સાહેબે હાથીની અંબાડીએ બેસાડેલો અને એજ મુળદાસ ગધેડે બેસવા તૈયાર થયો. કારણ કે મહારાજ મારે તો બે જીવ બચાવવા હતા. બેનો ઉદ્ધાર કરવો હતો. એટલે મારે મન હાથીએ બેસવું કે ગધેડે બેસવું તે બન્ને સમ હતું. છતા બે જીવ ઉગારવાનો પ્રશ્ન હતો.સમજયા આચાર્યજી? સાથેના ભકતોએ બધી સત્ય હકીકત કહી કે હે મહારાજા આ અમારો સોરઠી સંત મૂળદાસ છે અને સંતમાંથી મહાત્મા બન્યા છે અને જુગજુગ સુધી મહાત્મા જ રહેશે. એક કવે પડતી બાઈને બચાવવા ગર્ભવતી બાઈનું કલંક માથે ઓઢી અમારો મુળદાસ ગધેડે બેસવા તૈયાર થયા. અને આ સત્ય હકીકતની જયારે અમરેલી સમાજને જાણ થઈ ત્યારે એજ સમાજ મુળદાસના પગમાં પડી રડીને માફી માગે છે.આચાર્યજી તથા જામસાહેબ? અમારા ગુરૂ મુળદાસ તો મહાન સંત છે.ત્યારે આચાર્ય ફરી બોલ્યા કે સંત હો તો તમને ગધેડે

બેસતા વિચાર ન આવ્યો ?

મુળદાસ બોલ્યા અરે આચાર્યજી શબરીના એઠા બોર જમતા મારા રામને જરાય નાનપ ન લાગી.વિદુરની ભાજી જમવામાં શ્રી કૃષ્ણને જરા પણ શરમ ન આવી. મેલા ઘેલા સુદામાના ચરણ ધોવા મારા વ્હાલા કૃષ્ણએ નાનપ નો'તી અનુભવી, સખુબાઈના પગ દાબી વાર્સીદુ કરતા મારા નાથ નો'તા શરમાયા, આવુ બોલી અને મુળદાસ ઉભા થઈને બહાર ગયા.હવેલી પાસે એક બિલાડી મરેલી પડી હતી તે ઝોળીમાં નાખીને અંદર લાવ્યા.બિલાડીને સભા વચ્ચે મુકી સાથે નાના બચ્ચા પણ હતા. મૂળદાસ કહે આચાર્યજી ! હું ભકત હોઉં કે ન હોઉં, સંત કે મહાત્મા હોઉ કે ન હોઉ પરંતુ મારી એક વાત સાંભળો. આ બિલાડી મરી ગઈ છે તેના બચ્ચા બિચારા ભૂખ્યા ટળવળે છે. આપ આને જીવતદાન આપો નહિતર બચ્ચા મા વગરના તરફડી મરી જાશે.

આચાર્ય કહે તમે શું સમજો છો ? મરેલી બિલાડી સજીવન થતી હશે ? સંતના પારખા સતયુગમાં થતા અત્યારે ન હોય.

મરેલી માર્જારીને જીવતી કરી...

મૂળદાસ કહે સતયુગ ને કળીયુગ એતો આપણા મનની માન્યતા છે.આપણામાં રામ બિરાજેલો હોય તો સતયુગ જ છે. હું તો સંત નથી પણ અત્યારે તમે આચાર્ય છો હવેલીમાં બિરાજતા બાલકૃષ્ણના પૂજારી છો. તમે ભગવાન શ્રી કૃષ્ણના સ્વરૂપ જ કહેવાવ ને ? હૈયામાં જો ભગવાન બીરાજતા હોય તો જરૂર આ બિલાડી સજીવન થાય. તમે દુનિયાને કહેરાવો છો કે અમે આચાર્ય એટલે કૃષ્ણના સ્વરૂપ જ કહેવાઈએ.તો બિલાડી જીવતી કરો.

આચાર્ય તો મુંજવણમાં પડયા. આચાર્ય કહે અમારા વડવાઓએ કોઈ દિવસ આવું નથી કર્યુ, માટે અમારાથી આવું ન

થાય અને જો સજીવન કરવાની પ્રાર્થના કરીએ તો અમારા ભગવાનને કષ્ટ થાય.

મુળદાસ કહે ખોટા બાના ન બતાવો નીંભાડામાંથી બિલાડીના બચ્ચા બચાવ્યા ત્યારે કષ્ટ નો'તુ પડયું ? મીરાનું ઝેર પીધુ ત્યારે કષ્ટ નો'તુ પડયું ? તમારા હૃદયમાં ભગવાન હશે તો બિલાડી જરૂર જીવતી થશે. બાકી બાલમુકુંદને કષ્ટ નહી પડે એતો નાનો હતો તોય પુતનાને મારવામાં જરાય પરિશ્રમ નો'તો પડયો. બાકી તમારા જેવા આચાર્ય જ ભગવાનને લાંછન લગાડે છે.

મુળદાસની આવી સત્ય વાણી સાંભળીને જામ જશાજીતો આભા જ બની ગયા.વાહ ! સોરઠી સંત વાહ ! એમ બોલી ઉઠયા.આચાર્ય તો ઢીલા પડી ગયા ને બોલ્યા કે મુળદાસ તમે જ આ બિલાડીને સજીવન કરો, મુળદાસ કહે સજીવન કરુ પણ મારા નામથી નહિ આ સામે હવેલીમાં બિરાજતા બાલકૃષ્ણના નામથી. પરમાત્માના નામથી જડ વસ્તુમાં ચૈતન્ય આવે.

ભગવાનનું સ્મરણ કરીને બોલ્યા ભકતો લાવો મારી કરતાલ. ભજન ગાવા લાગ્યા છે ને બિલાડી ઉપર કપડું ઓઢાડી કમંડળમાંથી પાણી છાંટયું એટલે બિલાડી જીવતી થઈને જતી રહી. જામ જશાજી તો આ દ્રશ્ય જોઈને દિગ્મુઢ થઈ ગયા. સૌ ઉભા થઈ મુળદાસના પગમાં પડયા, આચાર્યનું મુખ શરમીંદુ બની ગયું. વાઢો તોય લોહી ન નીકળે તેવા શરમથી શ્યામ થયેલા ગોંસાયજીને મૂળદાસજી કહેછે કે હરિવર નો ભરોસો તમે ખોઈ બેઠા છો, પરંતુ પરમાત્મા બધે જ છે, ભકતની વારે ભગવાનને આવવું જ પડે છે. આપણા હૃદયમાં જો ભગવાન ન હોય તો આપણે ભકિતનો રંગ કેવી રીતે ચડાવી શકીએ, પંડને પૂજાવા કરતા પ્રભુને પૂજશો તો સુખી થશો.આવુ આચાર્યને કહ્યું ને જામ સાહેબને કહેવા લાગ્યા કે હે જશાજી જામ તમે પ્રજાને પૈસે તાગડ ધિન્ના કરો છો.વિલાસના તમામ સાધનો એક દિવસે

ભાંગીને ભુકકો થઈ જશે. તમારા નોકરો પેટને ખાતર તમારી પડખે ઉભા છે. આ પરિસ્થિતિ તમે નથી કરી. પડખે રહેનારા મેરૂ ખવાસ જેવા નોકરોએ કરી છે. આવા આચાર્યે તમને ભરમાવીને તમારી કંઠી તોડાવી છે. મેરુ ખવાસના સંગથી તમે ભગવાન ખોઈ બેઠા છો. જામજશાજી માફી માગી પગમાં પડયા છે.ફરી કંઠી બાંધવા ખૂબ આજીજી કરી છે. દરબાર ગઢમાં ભજનનો કાર્યક્રમ રાખ્યો છે. જામ જશાજી મહાત્મા મુળદાસના ફરી શિષ્ય બન્યા છે.

જામ જશાજીની તથા સૌ ભકતોની રજા લઈ મૂળદાસ અમરેલી પધાર્યા છે. બિલાડી સજીવન કર્યાની વાત અમરેલીમાં ફેલાણી છે. આશ્રમમાં સત્સંગ કથાવાર્તા થાય છે. મુકુંદ મોટા થવા લાગ્યા છે.

સંવત ૧૮૧૭ માં રાધાબાઈ એ એક પુત્રી ને જન્મ આપ્યો છે નામ રાખ્યું છે **ધનબાઈ**. બન્ને બાળકો આશ્રમમાં મોટા થવા લગ્યા છે મુકુંદે ધીરે ધીરે રામાયણની કથા વાંચવી શરૂ કરી અને ભગવાનની પવિત્ર પાવનકારી કથા વાંચી સૌને મંત્રમુગ્ધ કરી દેતા.એ સમયમાં સારા સારા કથાકારોને પણ મુકુંદદાસ અટપટા પ્રશ્ન પુછતા. સૌ કહેતા કે મુકુંદ હજુ નાનો છે ત્યાં આવા પ્રશ્નો પુછે છે પછી તે મોટો થઈને કેટલો મહાન થશે.

એક દિવસ રતનબાઈ બિમાર પડયા બચવાની કોઈ આશા રહી નહિ છેવટે રતનબાઈએ દેહ છોડયો ત્યાં તો કુદરતનો બીજો ફટકો લાગ્યો આનંદરામ પણ ગંભીર માંદગીમાં સપડાયા અને આનંદરામે મૂળદાસજીને કહ્યું કે હે સંત આ દેહનો ભરોસો નથી. માટે મારી ધનબાઈ તમારી ભાણેજ કે પુત્રી જે ગણો તે તેને યોગ્ય સ્થળે પરણાવી દેજો, મુકુંદને પણ સાચવજો. મુળદાસજી આનંદરામને હૈયા ધારણ આપે છે ને કહે છે કે આનંદરામ તમે જરાય ચિંતા કરશો નહિ એક દિવસ આનંદરામ પણ સ્વર્ગે સિધાવ્યા.

આમ બન્ને બાળકોની જવાબદારી મૂળદાસ ઉપર આવી પડી. મૂળ દાસતો મહાન સંત હતા.તેણે આ પાલન પોષણની જવાબદારી માથે લઈ બાળકોને મોટા કરવા લાગ્યા.સમય જતા મુકુંદદાસના લગ્ન કર્યા છે. અમરાપુર ગામમાં મુકુંદદાસ સ્થાઈ થઈ અમરાપુર ગામના ચોરે મુકુંદદાસ શ્રી રામની સેવા કરવા લાગ્યા છે. સાવરકુંડલા પાસે ઓળીયા ગામમાં ધનબાઈને પરણાવ્યા.તેના પતિનું નામ હતુ કલ્યાણજી ભાઈ. ધનબાઈના ભાઈ મુકુંદદાસે ધનબાઈને કરિયાવરમાં એક ગોદડી આપી ને ધનબાઈના લગ્ન ધામધૂમથી કર્યા હતા.

નોંધઃ—મુકુંદ દાસે આપેલ આ ગોદડી કલ્યાણજીના વંશપરંપરાગત સ્વ.મોહનદાસજી જયરામજી ગોંડલીયાના નિવાસ સ્થાન સાવર કુંડલા મુકામે રાઘવકુંજમાં દર્શન અર્થે રાખી છે આ ગોદડીના દર્શન કરવા ઘણા સત્સંગીઓ અવારનવાર આવે છે.

એક દિવસ મુકુંદદાસ મૂળદાસને કહેવા લાગ્યા કે બાપુ હું સાંસારિક સુખમાં પડવા માગતો નથી.મને આ સંસાર નિરસ લાગે છે. આ સંસારની મોહ માયા મારી ભકિતમાં બાધરૂપ થાય છે.તો બાપુ મને રસ્તો બતાવો.

સાધુ થવાની રજા ન મળતા મુકુંદદાસે થોડી ગાંડાયુ કરી, મૂળદાસ કહે સારુ બેટા જાવ પૂર્ણ વૈરાગ્ય રાખજો સાચા હૃદયથી પ્રભુ ભકિત કરજો તો જરૂર પ્રભુના દર્શન થશે. ગૃહસ્થાશ્રમ પણ ઉત્તમ છે. પરંતુ તેમાં જવાબદારી વધે છે. મુકુંદ તો પ્રભુ પામવા અડધા પાગલ જેવા થઈ ગયા છે. મુકુંદને એકજ લગની લાગી ગઈ છે **મારો પ્રભુ ! મારો પ્રભુ !** મારેતો પ્રભુના દર્શન કરવા છે.આમ મુકુંદ અર્ધ પાગલની અવસ્થામાં જયાં ત્યાં બબડવા લાગ્યો. મુળ દાસને થયું કે મુકુંદને હવે પૂર્ણ વૈરાગ્ય લાગ્યો છે. સાચી ભકિત હૈયે વરી છે. ત્યાર બાદ મુકુંદને કહે છે કે મુકુંદ આમ ગાંડપણ ન

કરાય. તારે જો બ્રહ્મજ્ઞાન અને પ્રભુને પ્રાપ્ત કરવા હોય તો તું અહીંથી ધ્રાંગધ્રા જઈ ત્યાં દ્વારકાદાસજી પાસે જા તે તને જ્ઞાનની ચાવી આપશે.

મુકુંદદાસ ધ્રાંગધ્રા ગયા ત્યાં દ્વારકાદાસને મળ્યા ને કહ્યું કે હે ગુરૂદેવ મને દિવ્ય જ્ઞાન આપો.હું અમરેલીથી આવું છું અને મહાત્મા મુળદાસે મને મોકલ્યો છે. અરે બેટા મહાત્માએ મોકલ્યો છે ? મહાત્મા મુળદાસતો મહાન સંત છે રિધ્ધી સીધ્ધી તો ત્યાંજ છે, દિવ્ય જ્ઞાન આપે એવાતો એજ છે ભાઈ. મુળદાસ જેવો હું જ્ઞાની નથી છતા તમો એક કામ કરો તમે વાંકાનેર જાવ ત્યાં રાઘવેન્દ્ર આશ્રમના ગુરૂ કલ્યાણદાસ તમોને શિક્ષા અને દિક્ષા આપી નિષ્કામ વ્રત સિધ્ધ કરાવશે.

મુકુંદ દાસજી વાકાંનેર આવ્યા કલ્યાણદાસજી વિરકત અને બ્રહ્મચારી હતા તેઓ પિતળની કૌપિન પહેરતા. કલ્યાણદાસજીએ મુકુંદદાસને પ્રેમથી સત્કારી આવકાર્યા અને કહ્યું આવો ભાઈ તમે કયાંથી આવ્યો છો ? બાપુ હું મહાત્મા મૂળદાસ પાસેથી આવ્યો છું. અને ઈશ્વર પ્રાપ્તિ કરવાની ગુરૂ ચાવી રૂપી ભકિત જાણવા તમારી પાસે આવ્યો છુ. કલ્યાણદાસજી હસી પડયા અને કહેવા લાગ્યા અરે ગાંડા સર્વે ચાવીનું મુળતો મુળદાસ છે, એમની ભકિત સરિતામાં જ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થાય છે.આ કળિયુગમાં બેટા પ્રથમ કામ વાસના ઉપર વિજય મેળવવો કઠીન છે પછી જ બીજી ભકિતની વાત થાય તું અહીંથી સરધાર જા ત્યાં વૈષ્ણવ સંપ્રદાયનો આશ્રમ છે અને તુલસીદાસજી ત્યાં આશ્રમમાં બિરાજે છે તે તને જરૂર બ્રહ્મજ્ઞાન આપશે. પછી મુકુંદદાસ સરધાર આશ્રમમાં આવ્યા. મુકુંદદાસે તુલસીદાસને સર્વે વાતથી વાકેફ કર્યા. તુલસીદાસજીએ મુકુંદદાસને આશ્રમમાં રોકયા. આ બાજુ હજુ મુકુંદદાસ આવવાના કંઈ વાવડ

હતા નહી. મુકુંદદાસ નીકળ્યા તેને ઘણો સમય થઈ ગયો હતો. સંત મુળદાસે એક શિષ્યને ઘાંગધ્રા મોકલી ખબર કઢાવ્યા. અંતે જાણવા મળ્યુ કે મુકુંદદાસ વાંકાનેર થઈ અને સરધારમાં રોકાણા છે.

રામાનંદસ્વામી...

એક દિવસ એક મહાન સંતપુરૂષ દક્ષિણ ભારતમાંથી ફરતા ફરતા અમરેલી મૂળદાસજીના આશ્રમમાં આવી ચડયા આ સંતનું નામ હતુ **"રામાનંદસ્વામી."** અયોધ્યાના પંડિત બ્રાહ્મણ અજય શર્મા ને માતા સુમતિ દેવીના કુખે જન્મ ધારણ કર્યો હતો.

આ સંતનો જન્મ સંવત ૧૭૯૫માં શ્રાવણ વદ–૬ના દિવસે થયો હતો. નાનપણથીજ વૈરાગ્ય ધારણ કર્યો હતો. ફરતા ફરતા ગિરનારમાં ગોપનાથને મંદિરે આવ્યા. આત્માનંદસ્વામી પાસે દિક્ષા લેવાની ઈચ્છા હતી પરંતુ આત્માનંદ સ્વામી મૂર્તિ પૂજામાં માનતા નહી જેથી દક્ષિણ દેશમાં જઈ શ્રી રંગક્ષેત્રમાં કાવેરી નદીને કિનારે બે મહિના રહીને રામાનુજાચાર્ય ભાષ્યનું અધ્યયન કર્યુ.બે મહિનાને અંતે રામાનુજાચાર્યે સ્વપ્નામાં દર્શન દીધા. વૈષ્ણવી દિક્ષા આપી કપાળમાં ઉર્ધ્વપુંડ્ર તિલક અને ચાંદલો કરી ગુરૂમંત્ર આપ્યો અને કહ્યું કે તમે વૈષ્ણવ ધર્મનો પ્રચાર કરજો.અહીં રહી શકો તો રહેજો નહીતર ગમે ત્યાં વિચરી ધર્મનો પ્રચાર કરજો. આટલુ કહી રામાનુજાચાર્ય અદ્રશ્ય થયા. કાવેરી નદીમાં સ્નાન કરી અને શ્રીરંગક્ષેત્રમાં રહી રામાનંદસ્વામી ધર્મનો પ્રચાર કરવા માંડયા.જુની જાયગા વાળાને આ ગમ્યું નહિ. તેથી રામાનંદસ્વામીને હેરાન કરવા મંડયા. રામાંદસ્વામી દક્ષિણ દેશમાંથી ફરતા ફરતા સૌરાષ્ટ્રમાં પધાર્યા અને અમરેલી મુળદાસના આશ્રમમાં આવ્યા.

મહાત્મા મૂળદાસે ભાવપૂર્વક સ્વાગત કરી અને પ્રેમથી થોડા દિવસ રોકયા. મુળદાસને થયું કે મારો મુકુંદ આ સંત ને લાયક

છે. આમ વિચારીને મૂળદાસજી રામાનંદ સ્વામીને કહે છે.હે સંત મારો મુકુંદદાસ અત્યારે સરધાર આશ્રમ પર છે. અને મારી એવી ઈચ્છા છે કે તમો તેના ગુરૂ થજો ને તેને ભાગવતી દિક્ષા અપાવજો અને તમારી સાથે રાખજો. આપ અત્યારે સરધાર જાઓ. તમે જરૂર મારા મુકુંદના ગુરૂ થજો.

રામાનંદ સ્વામીએ કહ્યું મૂળદાસ તમારો મુંકુદદાસ તો અનાદિથી અમારો છે તેને અમો જરૂર દિક્ષા આપી માતૃત્વના પ્રણેતા મહાન સંત બનાવીશું. આટલુ વચન આપી અમરેલીથી વિચરણ કરતા કરતા મુમુક્ષુઓને સદ્ઉપદેશ દેતા દેતા સૌરાષ્ટ્રમાં ફરતા ફરતા રામાનંદસ્વામી સરધારમાં આવે છે.મુકુંદદાસને ત્યાંથી સાથે લઈ બંધિયા ગામે દિક્ષા આપે છે. અને મુકુંદદાસને ત્યાંજ બધી યોગ વિદ્યા શીખવાડે છે અને સમાધિ જ્ઞાન પણ ત્યાંજ આપે છે.મુકુંદદાસને હવે સાચા ગુરૂ મળી ગયા હતા. મુકુંદદાસ હવે **"મુકતાનંદસ્વામી"** બન્યા છે.ગુરૂશિષ્ય બંધિયાથી કચ્છમાં જાય છે. અને કચ્છમાં પોતાની જ્ઞાન વાણીનો પ્રચાર કરે છે. મુકતાનંદજી ઘણે ઠેકાણે ધર્માત્માઓ સાથે ધર્મની ચર્ચામાં ઉતરતા અને મુકતાનંદજીની જીત થતી. ગુરૂરામાનંદજી અવારનવાર અમરેલીમાં મુકતાનંદજીના ખબર મોકલતા રહેતા હતા. રામાનંદજી પણ મુકતાનંદની શકિતથી પ્રભાવિત હતા. રામાનંદસ્વામી અને મુકતાનંદસ્વામી કચ્છમાંથી ફરતા ફરતા લોએજ ગામ આવે છે. દરયિા કાંઠે આવેલ નાળિયેરીની ઘેરી વનરાજી અને સમુદ્રના ઘુઘવતા નીરની એકબાજુએ લોમસઋષિનો આશ્રમ આવેલો છે ચારે કોર વૃક્ષની ઘટાથી પ્રદેશ રળિયામણો લાગે છે. આજુબાજું આહિરોના નેશડા હોય છે. આવુ હરિયાળુ સ્થળ જોઈ મુકતાનંદજી ગુરૂ રામાનંદજીને કહે છે કે હે ગુરૂદેવ આ સ્થળ તો ઉતમ છે અને અહીં આશ્રમ બનાવીએ તો મન પણ પ્રફુલ્લિત રહેશે ને પ્રભુ ભજન પણ

શાંતિથી થશે. રામાનંદજીએ પણ મુકતનંદજીની વાત માન્ય રાખીને કહ્યું કે હે મુકતાનંદજી પ્રભુ સ્મરણ કરવા આથી સુંદર સ્થળ બીજે કયાંય નથી મારુ મન પણ અહીં સ્થિર થયું છે. એક સુંદર વટવૃક્ષની બાજુમાં ગુરૂ રામાનંદજી અને સાથે આવેલા મુકતાનંદજી અને બીજા શિષ્યો મળીને એક પર્ણકુટિર બનાવે છે. અને પર્ણકુટિર બન્યા પછી મુકતાનંદસ્વામી ધીરે ધીરે પોતાનો જ્ઞાન પ્રવાહ વહેડાવે છે. મુકતાનંદજીના જ્ઞાન પ્રવાહથી આકર્ષાયને આજુબાજુની માનવ વસ્તી પણ આ સ્થળે આવવા લાગી. ધીરે ધીરે આશ્રમની કીર્તિ ચોમેર ફેલાવા લાગી.આજુબાજુથી મુમુક્ષુઓ સત્સંગમાં આવવા લાગ્યા છે. આશ્રમમાં જ્ઞાન સરિતાની સાથે સાથે હરિહરનો ટુકડો (સદાવ્રત) પણ શરૂ થયો. જે આવે તેને જમાડે. ભજન કરે છે ને કરાવે છે.

એક વખત રામાનંદસ્વામી સેવકોના આગ્રહથી કચ્છમાં સત્સંગ કરાવવા ગયા છે. આશ્રમ વ્યવસ્થિત ચાલે છે. રામાનંદસ્વામીના દરેક શિષ્યો ભજન ભકિત સાથે આશ્રમની સેવા કરે છે રામાનંદસ્વામીના દરેક શિષ્યોમાં મુકતાનંદસ્વામી મોટેરા શિષ્ય છે.

અમરેલીમાં હવે મૂળદાસે દેહ છોડવાનો વિચાર કર્યો છે.શિષ્યોને બોલાવીને બધી વાત કરી આ સાંભળી શિષ્યો રડવા લાગ્યા.સર્વને આશ્વાસન આપ્યું કે દેહતો નાશવંત છે.મૂળદાસના કહેવાથી લોએજથી મુકુંદદાસ (મુકતાનંદ સ્વામી)ને તેડાવ્યા છે.

અંતિમ ઉપદેશ....

મુકતાનંદને જોઈને રાધા અને મુળદાસનું હૈયું આનંદથી નાચી ઉઠયું, આંખમાં આસું આવી ગયા. મૂળદાસે મુકુંદદાસને

પાસે બેસારી માથે હાથ મુકીને કહે છે બેટા ! જો તને એક વાત કહેવાની છે. કે આ આત્માં આવતી કાલે આ દેહથી જુદો પડશે એટલે બેટા મુકુંદ તને બોલાવ્યો છે, આ સાંભળી મુકતાનંદ ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યા. મહાત્માં મૂળદાસ બોલ્યા બેટા મુકતાનંદ તમે તો જ્ઞાની છો, સમજુ છો,

મુકતાનંદ કહે બાપજી ઈશ્વરે દરેક માનવીઓમાં પ્રેમ, હર્ષ, સુખ દુઃખ વગેરે મૂકયા છે.હું બધુ જાણું છુ છતાં આજે મારો બાપ મારો સોરઠી સંત પોતાના અંતિમ સમયના શબ્દો બોલે ત્યારે જરૂર દુઃખ થાય જ,

મહાત્માં મૂળદાસ કહે છે બેટા મુકુંદ મારે તને કશુંય કહેવાનું નથી. જે કહેવાનું હતું તે બધુ તને અને દુનિયાને કહેતો આવ્યો છું અને ગવડાવતો આવ્યો છું. બેટા તારા ગુરૂ મહાપ્રતાપિ છે. સનાતન સર્વોપરિના ઉપાસક છે. વૈષ્ણવાચાર્ય છે.લોયેજમાં તારા ગુરૂના આશ્રમમાં સંતોનું સન્માન થાય છે. સંતોને ભેટો અપાય છે., અભ્યાગતને હરિહર અપાય છે, એવા સદ્‌ગુરૂનો તું શિષ્ય છો. તારી માથે તારા ગુરૂના ચારેય હાથ છે. પરંતુ બેટા તને એકવાત કહેવી છે. **"તું સેવાની મૂર્તિ બનીને રહેજે, જ્ઞાનની મૂર્તિ બનીને રહેજે અને માતૃત્વની મૂર્તિ બનીને રહેજે."** પરંતુ આશ્રમનો કારભાર ચલાવવાની જવાબદારી તું તારી ઉપર લેતો નહિ.

કારણ કે બેટા આ સમયમાં કારભાર ચલાવવાની જવાબદારી લેવા કરતા ઉપદેશ અને ધર્મનું જ્ઞાન આપી બને એટલું પ્રભુ ભજન કરવું. એમા જ આપણા જેવા સાધુઓનું કલ્યાણ છે. બેટા સવાર સાંજ સેવા પૂજા કરવી. કયારેય ધર્મ છોડવો નહિ. અને નિષ્કામી વર્તમાન દ્રઢ કરી પાળવું. આપણી સાધુતા જાળવીને રાખવી. રામાયણ તથા ધાર્મિક ગ્રંથનું કાયમ વાંચન રાખવું. હૃદયમાં

કાયમ ભગવાનની મૂર્તિ ધારવી. બીજો ઘાટ ન થવા દેવો. પ્રભુ સ્મરણ કરવું. ગરીબોની સેવા કરવી. બેટા મુકુંદ આ મારા હિતના શબ્દો અંતરમાં ઉતારજો.આ મારી છેલ્લી ભલામણ છે.

મુકતાનંદ બોલ્યા બાપજી આ તમારો મુકુંદ નાનપણથી તમારી આજ્ઞા પાળતો આવ્યો છે ને જરૂર પાળીશ.તમારા શબ્દો માર જીવનમાં ઉતરી ગયા છે.હે બાપુ તમારા આત્માને દુઃખ થાય એવુ હું કદિ નહિ કરું. વળી મૂળદાસ મુકુંદને માથે હાથ ફેરવીને બોલ્યા કે બેટા મુંકુદ ! **"જ્ઞાનનો વારસદાર થજે પણ ગાદીનો વારસદાર થઈશ નહિ."** મોટપમાં મજા નથી. નાનો અને નિર્માની થઈને ભજન કરજે. સારુ બાપુ ! જેવી તમારી છેલ્લી ભલામણ. ત્યાર પછી મહાત્મા મુળદાસે આશ્રમના શિષ્યો જે શીલદાસ, રામદાસ વગેરેને બોલાવે છે. આશ્રમમાં ધીરે ધીરે શિષ્યો આવવા લાગ્યા છે. દરેક શિષ્યોને જાણ થઈ છે કે ગુરૂ ધામમાં જવાની ઈચ્છા કરે છે.

મુળદાસજી શિષ્યોને ઉપદેશ આપે છે કે હે...! શિષ્યો જયાં રહો ત્યાં જીજ્ઞાસુને લાભ મળે એવું આપણું જીવન હોવું જોઈએ. આપણુ જે લક્ષ તે ભુલવું ન જોઈએ. પ્રભુ પામવા એજ આપણું લક્ષ છે. કોઈના પ્રલોભનમાં લેવાવુ નહિ. ધનનો સંગ્રહ કયારેય કરવો નહિ જે આવે તે સદાવ્રતમાં વાપરી નાખવું અથવા સત્સંગની પ્રવૃત્તિમાં વાપરી નાખવું જેથી ઝાઝા જીવોને સમાસ થાય. હવે મારે જવાનો સમય થઈ ગયો છે. મારો દેહ તો હવે છેડા ઉપર છે. એવો મને સંકેત થાય છે આલોકમાં રહેવાનો અવધી પૂરો થઈ ગયો છે. આ દેહ નો જન્મ થયો તેને ૧૦૪ વર્ષ વીતી ગયા છે. હવે ધામમાં જવાનું પ્રયાણ કરવું છે.તમે સૌ સાધુતાની રીતભાતમાં રહેજો. હવે મારે આ લોકમાંથી સ્વધામ જવાનો સમય આવી ગયો છે.

આ સાંભળી દરેક શિષ્યો ચોધાર આસુએ રડી પડયા. શિષ્યો કહેવા લાગ્યા ગુરૂદેવ અમોને છોડી તમે ચાલ્યા જશો. અમો તમારા વિના ક્ષણવાર પણ રહી શકીએ તેમ નથી.મહાત્મા મૂળ દાસજી બોલ્યા ભાઈઓ આ દેહતો ક્ષણભંગુર છે સંસારમાં સુખ દુઃખતો આવ્યા જ કરે છે. આ પૃથ્વી પર આવ્યા તેને જવાનું તો નકકી જ છે.

બીજે દિવસે અમરેલી ગામનો સર્વે સમાજ ભેગા થયો છે. આજે સંવત ૧૮૩૫ના ચૈત્ર સુદ–૯ નો પવિત્ર દિવસ છે. મૂળ દાસ આજે દેહનો ત્યાગ કરવાના છે તે જાણી આખુ અમરેલી દર્શને ઉમટયું છે. દરેકના હાથમાં ફુલ, શ્રીફળ અને કુંકુ છે. આશ્રમમાં માનવ મેદની જામી છે. મહાત્માં મૂળદાસને સૌ પાયે પડી રડવા લાગે છે. આશ્રમનું વાતાવરણ આજે જુદા જ પ્રકારનું બની ગયું છે. મૂળદાસે છેલ્લા ઉપદેશના શબ્દો કહ્યા કે **"ભજન કરી લેજો,ભજન કરી લેજો."**

જાગજો નર તમે ચેતજો રે (૨)..હા.....
છેલ્લી સનંદનો પોકાર રે....હો....હોજી
હરિભજનમાં ભરપુર રહેજો (૨)..હા.....
હરિનામનો આધાર રે...જાગજો

થડકશોમા ને સ્થિર રહેજો રે (૨)..હા.....
રાખશો શ્રી ગોપાળ રે....હો....હોજી
સત્ય વચની સદા શિતળ રે (૨)..હા.....
તેને શું કરે કળી કાલ...જાગજો.

ધન્ય ધન્ય મારા સંતને રે (૨)..હા.....
જેણે બતાવ્યા પરિબ્રહ્મ રે....હો....હોજી

સંત સાધના જે કરે રે (૨)..હા.....
જેનો દયા સામો નહિ ધર્મ રે..જાગજો

ભકિત છે વિશ્વાસની રે (૨)..હા.....
તમો કરો સંતની સેવા રે....હો....હોજી
સંત સાહેબ એકજ જાણો રે (૨)..હા.....
જેના દર્શન દુર્લભ દેવ રે...જાગજો

આગે તો તમે અનેક તાર્યા રે (૨)..હા.....
તમો છો તારણહાર રે ...હો....હોજી
મુળદાસ કહે મહારાજ મોટા રે (૨)..હા.....
તમો કરો સંતની સાર રે...જાગજો

આ મહાન સંતની વિદાય વેળાએ બધાજ ભકતજનોની આંખો આસુંથી ભરાઈ ગઈ.આશ્રમની ઓંસરીમાં ગાયનું ગોબર લીંપાવ્યું છે.તેની ઉપર સાથીયો કર્યો છે. પદ્માસન વાળી તેની ઉપર બેસી સૌને છેલ્લા રામરામ કહી આંખ બંધ કરી આત્માને પરિબ્રહ્મમમાં લીન કરી દીધો. શ્વાસ બંધ થયો છે.સૌ ધૂન બોલવા લાગ્યા છે.

અંતિમયાત્રા પાછી વળી...

આજે મૂળદાસની અંતિમયાત્રાની પાલખી અમરેલીમાં નીકળી છે.તે જ વખતે એક લેઉવા પટેલની દિકરીને તેના સાસરીયા આણું તેડીને જાય છે તેને થયું કે અરે રે... આતો શબ સામે મળ્યું, કાલે જશુ, ગાડુ પાછુ વાળો એમ કહીને ગાડુ પાછુ વાળ્યું. ત્યાંતો પાલખીમાંથી મૂળદાસ બોલ્યા ભાઈઓ પાલખી પાછી વાળો. અહો ભાઈઓ આ દિકરી તો આજ એના ધણીને ઘેર જાય છે. તો હું પણ મારા ધણીને ઘેર જાઉ છું તો પછી આમાં અપશુકન જેવુ શું છે.

છતા જો અપશુકન જેવું લાગતું હોય તો આ દિકરી આજે એના ઘણીને ઘેર જાય હું ચોવીસ કલાક પછી મારા ઘણીને ઘેર જઈશ.માટે પાલખી પાછીવાળો.પછી પાલખી આશ્રમમાં લાવ્યા.ચોવીસ કલાક સુધી ધૂન કરી, દિકરીને તેના સાસરે વળાવ્યા બાદ મૂળદાસની પાલખી અમરેલીમાં નીકળી. ભીષ્મપિતાની જેમ મુળદાસે મૃત્યુને પાછુ ઠેલ્યુ.

પછી મૂળદાસની બધી અંતિમ વિધિ પુરી થઈ મુકતાનંદ થોડા દિવસ આશ્રમમાં રહી લોયેજ આશ્રમ તરફ જવાની રજા માગે છે.મૂળદાસના આશ્રમમાં જે શિષ્યો હતા તેમણે મુકતાનંદને વિદાય આપી છે. મુકતાનંદજી તો લોયેજ આશ્રમમાં આવી. પ્રવૃત્તિમાં જોડાય ગયા છે. કચ્છથી સદ્‌ગુરૂ રામાનંદ સ્વામી મહાત્મા મુળ દાસનો શોક વ્યકત કરવા અમરેલી આવી ફરી કચ્છમાં જાય છે.

આશ્રમતો મુકતાનંદજી ચલાવતા હતા, કારણ કે રામાનંદસ્વામી તો આ સમયે મુકતાનંદ સ્વામીને આશ્રમ સોંપીને કચ્છમાં હરિભકતોને ઉપદેશ કરવા ગયા હતા, ઘણી વાર રામાનંદ સ્વામી બે–ચાર મહિને આશ્રમ પર આવતા હતા. મુકતાનંદસ્વામી સદ્‌ગુરૂ રામાનંદસ્વામીના પ્રિય પટ શિષ્ય હતા.સદ્‌ગુરૂ રામાનંદ સ્વામીનું શિષ્ય મંડળ વધ્યું છે. ૫૦ જેટલા શિષ્યો લોજમાં રહે છે. તેમાં મુકતાનંદજી મોટેરા છે.

ગુરૂ કચ્છ દેશમાં ગયા છે. સંવત ૧૮૫૬ની સાલ છે. શ્રાવણ વદ–૬ નો દિવસ છે. નીલકંઠ બ્રહ્મચારી લોજમાં વાવ ઉપર આવીને બેઠા છે. સુખાનંદસ્વામી આશ્રમમાં લાવે છે. અને નિલકંઠવર્ણી મુકતાનંદ સ્વામીને મળે છે પાંચ પ્રશ્ન પૂછે છે અને પોતાની પદયાત્રાની પૂર્ણાહૂતી લોજમાં કરે છે.

બસ... ભકતો હવે પછીની સદગુરૂ મુકતાનંદ સ્વામીની જીવન ઝરમર જયોત વિશે આપણા સંપ્રદાયના ઘણાં બધાં સંતોએ

ખૂબ જ ઝીણવટ પૂર્વક કથાઓ આલેખી છે તેનું અધ્યયન કરતાં સ્વામીના સર્વ સદગુણો સાકાર થશે.

ઉપસંહાર...

વહાલાં વાંચકો... સાંરાયે સત્સંગની મા સદગુરૂ મુકતાનંદ સ્વામીના પૂર્વાશ્રમના પૂર્વજોની પરોપકાર ભરી પૌરણિક પરમ પાવન કરનારી જીવનગાથા પ્રભુ કૃપાએ જેવી આવડી તેવી જિજ્ઞાષુના જીવન સુધી પુસ્તક સ્વરૂપે પહોંચાડવા નમ્ર પ્રયાસ કર્યો છે, (ગલતાપતિ પુસ્તકના આધારે અમૂક વાત લીધી છે.) આ પુસ્તિકામાં ઐતહાસિક તેમજ સાંપ્રદાયિક દ્રષ્ટીએ કોઈ પણ જાતની ક્ષતિ રહી હોય તો ક્ષમ્ય કરજો. એ જ અભ્યર્થના સહ...

જય સ્વામિનારાયણ.....

—: દોહા :—

ભકત નરસિંહ જયાં નાચિયો નેહમાં, સંપદા પામિયો જયા સુદામો;
વીર ગાંધી મુકતાનંદ જયાં નિપજીયા, સતી અને સંતનો જયા વિસામો.
સ્વામિનારાયણે ધર્મ સંસ્થાપિને, શીખવી ભકિત નિષ્કામ કરણી;
ભારતી ભોમની વંદુ તનયા વડી, ધન્ય હો ધન્ય સૌરાષ્ટ્ર ધરણી.....
ગઢ જુનો ને દુર્ગપુરી જહાં, સહજાનંદ રહ્યા છે મોખરે;
મુકુટ શાં મંદિરો ગાજતા, ધર્મની ધજા ઉંચી શીખરે.
ગામો ગામ સત્સંગ રેલાવતા, શ્રીહરિના ગુણની ગાથ વરણી;
ભારતી ભોમની વંદુ તનયા વડી, ધન્ય હો ધન્ય સૌરાષ્ટ્ર ધરણી.....

અમરેલી શ્રી સ્વામિનારાયણ મંદિરનો પરિચય

સદ્‌ગુરૂ શ્રી ગુણાતીતાનંદ સ્વામી હરિભકતોના આગ્રહથી જુનાગઢથી અમરેલી આવી સંવત ૧૯૨૦ માં વડીઠેબી નદીને કિનારે શ્રી સ્વા.મદિરનું ખાતમુહુર્ત કર્યુ. ને સંવત ૧૯૨૧માં ગુણાતીતાનંદ સ્વામીના હસ્તે મૂર્તિપ્રતિષ્ઠા થઈ હતી.

ત્યાર પછી બાલમુકુંદ સ્વામીએ પણ અમરેલી મંદિરમાં ઘણા સુધારા વધારા સાથે સત્સંગની પ્રવૃત્તિ કરેલ.

સમય જતા એક વખત સદ્‌ગુરૂ શ્રી મહાપુરૂષદાસજી સ્વામી અમરેલીમાં પધાર્યા હતા. ને ત્યાં મંદિરનો ઓરડો હતો. પણ છાતી સમો ઉચો હતો. કેમ કે દરવાજા પાસે નદીની રેલ આવે તેથી ઉચો કરેલો હતો. તેને પગથીયા સાતઆઠ ચડવાના કરેલા હતા. તે સુધરાઈ ખાતાએ કઢાવી નાખેલા, ને મંજુરી મેળવ્યા વિના ચણવા દેતા નો'તા. એમ એક વર્ષ વિતી ગયું. અને સ્વામી આવ્યા ત્યારે લાકડાની નાની નિસરણી કરાવી હતી. તેના ઉપરથી ચડતા સ્વામીએ મોટા ગોખરવાળાના ભગવાનજી ઠાકર તથા નાનાગોખરવાળાના પટેલ વેલાને પુછયું કે **"આને પગથીયા કેમ કરાવતા નથી ?"** તો કહે, "પગથીયા સુધરાઈ વાળાએ કઢાવી નાખ્યા છે, અને સુબા સાહેબની રજા લઈ મેલવા કહે છે. અરજીઓ ઘણી કરી પણ આ તો ગાયકવાડી ખાતું તે એક વરસ થયું તોય રજા મળતી નથી." સ્વામી કહે, : "આમ આજ અરજી લખીને સુબાને દઈ દ્યો." તેથી તે કહે, "ભલે આજ બપોરે કચેરીમાં જઈ નવી અરજી કરીશું' એમ કહી તેઓ ઘેર ગયા ને સ્વામી ઠાકોર જમાડી બે વચનામૃત વાંચી પોતાના ભેળા બે સાધુઓને લઈને સુબાની કચેરીએ ગયા. ત્યાં જઈને એક ઓરડામાં અમલદાર બેઠો હતો. તેને સ્વામીએ પુછયું કે,, "તું સુબો છો ?" ત્યારે તે કહે કે ના મહારાજ. પછી બીજા ઓરડામાં જઈને પુછયુ કે, "તુ સુબો છો" તે પણ કહે કે ના મહારાજ ! એમ ત્રણ ચાર ઠેકાણે પુછય પણ તેમણે ના પાડી.એમ પુછતા પુછતા જયાં મોટો સુબો બેઠો હતો અને તેના માથે મોટો પંખો ચાલતો હતો.ને કેસ ચલાવતો હતો. ત્યાં તેના પાસે થડમાં જઈને એક હાથમાં લાકડીનો ટેકો અને બીજો હાથ તેના કઠોડા ઉપર ટેકો રાખીને તેના સામુ જોઈને પુછયું કે તું સુબો છે ? ત્યારે તે બોલ્યા કે મહારાજ હું સુબો છું કામ છે ? તમારે શું કામ છે. એટલે સ્વામી કહે તને કોણે

સુબાગીરી આપી છે ? એટલે તે કહે મહારાજ તમે મને સુબાગીરી આપી છે. પછી સ્વામી કહે કે તો અમારા મંદિરનું કામ કેમ કરતો નથી ? સુબો કહે, શું કામ છે ? સ્વામી કહે કે મંદિરના ઓરડાના પગથીયા બજારમાં સુધરાઈ વાળો ચણવા દેતો નથી. માટે કાગળ કરી દો કે તે ચણતર અટકાવે નહિ. પછી સુબો કેસ ચલાવતો હતો તે તેણે બંધ કર્યો ને પોતાના શીરસ્તેદારને બોલાવી કાગળમાં રજાચીઠ્ઠી લખી આપી.પોતાનો સહી સીક્કો કરી દઈ સ્વામીના હાથમાં તે કાગળ દીધો ને પગે લાગ્યો ને સ્વામી કચેરીમાંથી નીચે આવ્યા. ત્યાં ભગવાન ઠક્કરને વેલો પટેલ સામા મળ્યા. તેણે પુછયું કે સ્વામી તમે અહીં કયારે આવ્યા ? પછી સ્વામીએ સુબાનો કાગળ તેને દેખાડયો. તે જોઈને તે બન્ને જણા આશ્ચર્ય પામ્યા. ને બોલ્યા કે સ્વામી ! આ તમે આટલીવારમાં સુબાને મળી રજા મેળવી તે કેમ મળી ? સુબો મામલતદારને પુછાવે,મામલતદાર સુધરાઈ વાળાને પુછાવે,પછી સુધરાઈ વાળો તે જમીનની હરાજી કરે ને પછી સુબો રજા આપે.આતો મોટો પરચો થયો.એટલે સ્વામી કહે સુબાને મેં સુબાગીરી આપી છે. ને તે દક્ષિણી બ્રાહ્મણ હતો. ગણપતિની બહું જ ઉપાસના કરતો.ને તાપી નદીના કાઠે રહેતો.ત્યાં અમે તીરથ કરવા ગયેલ તે દિવસે અમને રસોઈ કરી જમાડેલ તે પૂણ્યે કરીને તે આ અવતારમાં સુબો થયો છે ને તેણે પણ હા પાડી કે હા મહારાજ તમે મને સુબાગીરી આપી છે. સ્વામી સુબાની કચેરીમાંથી ગયા.પછી સુબે પાણી મંગાવ્યું અને પીધુ. તેને સ્વામીના દર્શન કોઈક અલૌકિક સ્વરૂપે થયા હતા. તે વાત ત્યાં બીજા વકીલ બેરિસ્ટરો બેઠા હતા તેને કહી હતી. સ્વામી જેટલો વખત ત્યાં રહ્યા તેટલો વખત તમામ કચેરીમાના માણસોને પણ તેજસ્વી દર્શન થયા.ને કોર્ટમાં કોઈ બોલે ચાલે નહિ શાંત થઈ ગયા. તેઓ સહુને સ્વામીનો પ્રતાપ જણાયો.પછી તેજ દિવસે કડીયા બોલાવીને પગથીયા ચણી દીધા.

ત્યાર પછી સંવત ૧૯૯૩માં રાજકોટ ગુરૂકુલના સંસ્થાપક પૂજય શાસ્ત્રી સ્વામી શ્રી ધર્મજીવનદાસજી સ્વામી જુનાગઢ મંદિરમાં હતા તે દરમિયાન એક વર્ષ અમરેલી દેશમાં વિચરણ કરવા નીકળેલા ત્યારે સદ્‌ગુરૂ શ્રી ગુણાતીતાનંદ સ્વામીએ અમરેલીમાં મંદિર બંધાવેલું તે સમય જતા ઘસારાને લીધે મંદિર જીર્ણ થયેલું. તેથી પૂજય સ્વામીએ સમયને અનુરૂપ ફેરફારો કરી મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો અને વડીલ ગુરૂબંધુ શ્રી કૃષ્ણજીવનદાસજીના સ્વામીના વરદ હસ્તે હનુમાનજી અને ગણપતિજીની પ્રતિષ્ઠા કરાવી. આ પ્રસંગે પૂજય

શાસ્ત્રી ધર્મજીવનદાસ સ્વામીએ સાત દિવસની શ્રીમદ્ સત્સંગીજીવનની સપ્તાહ પારાયણ તેમજ મહાવિષ્ણુયાગનું સુંદર આયોજન કરેલું.

આગેવાન ભકતો સાથે વિચાર વિમર્શ કરી પૂજય સ્વામી કથાસ્થળ વગેરેની ગોઠવણી કરી તે વખતે મૂંઝવણ ભરેલ પ્રશ્ન ઉપસ્થિત થયો યજ્ઞશાળાનો ! મંદિરમાં જગ્યાની ઘણી સંકડાશ, તેથી અંદર યજ્ઞશાળા થઈ શકે તેમ ન હતી.

મંદિરથી દૂર કોઈ બીજા સ્થળે યજ્ઞ કરવો એવું સ્વામી ઈચ્છતા ન હતા. કારણ કે યજ્ઞ જેવું પવિત્ર કાર્ય મંદિરના આંગણે થાય તે યોગ્ય ગણાય. ઘણી વિચારણાને અંતે મંદિરના દરવાજા આગળ રસ્તાના કાંઠે આવેલ જગ્યામાં જ યજ્ઞશાળા કરવાનો નિર્ણય કર્યો. પૂજય સ્વામીની આજ્ઞા અનુસાર તે ભૂમિને ભકતોએ સાફસૂફ કરી.

ગામમાં જવાનો મુખ્ય રસ્તો હોવાથી આ રસ્તે માણસોની અવર–જવર ખૂબ રહેતી. એટલે ચાલવા માટેની થોડી જગ્યા છોડીને મંડપ તથા યજ્ઞશાળા બનાવવાની શરૂઆત કરી ત્યાં બીજો મૂંઝવતો પ્રશ્ન ઉભો થયો.

શહેરમાં કોઈનું મરણ થાય તેમને સ્મશાને લઈ જવાનો મુખ્ય માર્ગ પણ આ જ હતો. મોટું શહેર એટલે નિત્ય મરણના પ્રસંગો થતા જ રહે અને નનામી યજ્ઞશાળા પાસેથી જ પસાર થાય એટલે વૈદિક વિધિમાં બાધ આવે. પૂજય સ્વામી વિધિ–વિધાનના ખૂબ આગ્રહી. એમાં પણ યજ્ઞમાં વેદવિધિનું પાલન તો સંપૂર્ણ પણે કરાવે.યજ્ઞ શરૂ કરતા પહેલાં જ ભૂદેવોને વિધિ અને પવિત્રતા અંગેની કાળજી રાખવાની સૂચના આપીને સજાગ કરી દે.

હવે આ મુશ્કેલીમાંથી માર્ગ કેમ કાઢવો ? બીજી કોઈ અનુકૂળ જગ્યા તો હતી નહિ. પૂજય સ્વામીએ મહારાજને હૃદયથી પ્રાર્થના
કરી : 'હે પ્રભુ ! આ કાર્ય આપનું છે. અમે તો નિમિત્તરૂપ છીએ. સર્વ કર્તાહર્તા તમે છો.ધ્યાન તમારે રાખવાનું છે.'

આમ મહારાજને ગદ્‌ગદ્‌ભાવે પ્રાર્થના કરી પૂજય સ્વામી પાસે જઈને વાત કરી. તો સ્વામીએ પણ હિંમત આપતાં કહ્યું : 'શાસ્ત્રી તમે મહારાજનું કામ કરો છો એટલે ભગવાન તમારી સાથે છે, કંઈ વાંધો નહિ આવે.,

પૂજય સ્વામીને મહારાજનો તો દ્રઢ ભરોસો હતો જ અને પૂજય મહંતસ્વામીના પણ આશીર્વાદ મળ્યા. બીજા દિવસે નકકી કરેલા સ્થળ ઉપર જ ભકતોને યજ્ઞકુંડ કરવાની આજ્ઞા કરી. કેટલાક ભકતોએ આનાકાની કરી,સલાહ

સૂચનો આપી સ્વામીને સમજાવવાના પ્રયત્નો કર્યા પરંતુ સ્વામીનું મકકમ મનોબળ અને દ્રઢ ભરોસો જોઈને તેઓ પણ યજ્ઞકુંડની સેવામાં લાગી ગયા. થોડા સમયમાં સુંદર યજ્ઞમંડપ બંધાઈ ગયો તેમાં યજ્ઞકુંડો તૈયાર થઈ ગયા અને અરણી મંથનથી પ્રગટાવેલ અગ્નિનારાયણની સ્થાપના કરી. યજ્ઞનો પ્રારંભ પણ થઈ ગયો. પવિત્ર ભૂદેવોએ વેદમંત્રો વડે વિધિવત્ સાત–સાત દિવસ સુધી યજ્ઞનારાયણને આહુતિઓ આપી. મહોત્સવ ખૂબ જ ભકિતસભર, ધામધૂમથી અને નિર્વિઘ્ને પૂર્ણ થયો. પૂજય સ્વામી આવા પવિત્ર પ્રસંગોએ સાધુ, સન્યાસી, બ્રાહ્મણો કે કોઈ મંદિરના પૂજારી–બાવાજી હોય તેમને અનૂકુળતા મુજબ ભોજન સામગ્રી અપાવતા.

આ મહોત્સવ પૂર્ણ થતાં પૂજય સ્વામીએ યજ્ઞના પ્રસાદરૂપે અમરેલી શહેરના નાના–મોટા મંદિરો દેવસ્થાનોએ સીધાં આપવા માટે સ્વયંસેવકોને મોકલ્યા. સ્વયંસેવકોએ શહેરના દરેક પવિત્ર સ્થળે જઈને સીધાં આપ્યા. સુખનાથ મહાદેવના મંદિરના પૂજારીને યજ્ઞની વાત કરી સ્વયંસેવકોએ સીધું આપ્યું ત્યારે તેમણે આશ્ચર્યજનક વાત કરતા સ્વયંસેવકોને કહ્યું : છેલ્લા ૧૫ વર્ષથી હું જગ્યાનો પૂજારી છું; પરંતુ હજુ સુધીમાં એક પણ દિવસ એવો નથી ગયો કે આ રસ્તેથી કોઈની નનામી નીકળી ન હોય ! પણ આજે સાત–સાત દિવસ થયા તમારા મંદિરે યજ્ઞ ચાલે છે. એ દરમિયાન અહીંથી એક પણ મૈયતની નનામી નીકળી નથી તેનું મને ખૂબ આશ્ચર્ય છે. તમોએ જયારે આ રસ્તા ઉપર યજ્ઞશાળા બાંધવાની શરૂઆત કરી ત્યારે મને મનમાં થતું હતું : 'આ લોકો સ્મશાને જવાના રસ્તામા જ આવુ પવિત્ર કાર્ય કરે છે પણ જરૂર એમાં વિઘ્ન થશે હો ! પણ આશ્ચર્યની વાત એ છે કે એવું વિઘ્ન ન આવ્યું. તમારા સાધુ–સંતોના તપોબળના સામર્થ્યે જ સાત દિવસ સુધી કાળને રોકી રાખ્યો નહિતર આમ ન બને.'

સ્વયંસેવકો તો પૂજારીના મુખેથી આ અભૂતપૂર્વ ઘટનાની વાતને આશ્ચર્ય સાથે એકીટશે સાંભળતા જ રહ્યા. સ્વયંસેવકોએ મંદિરે આવી પૂજય સ્વામીને સુખનાથ મહાદેવના પૂજારીએ કરેલી આ વાત કહી. ત્યારે સ્વામી કહે : 'ભગવાન તો અતિ દયાળુ છે, કાળ, કર્મ અને માયાના સ્વામી છે. આપણે એના થઈને રહીએ તો એ આપણુ સર્વ પ્રકારે ધ્યાન રાખે છે.' અન્ય હરિભકતોએ વાત સાંભળી ત્યારે તેઓ પણ કહેવા લાગ્યા : 'કે સાચી વાત છે, સાત દિવસમાં આપણે અહીંથી કોઈની નનામી જતી જોઈ નથી. ખરેખર સ્વામીની પ્રાર્થનાથી

શ્રીજી મહારાજે કાળને સાત દિવસ સુધી રોકી રાખ્યો.' અને મોટું આશ્ચર્ય તો બીજા જ દિવસે થયું. તે દિવસે બપોર સુધીમાં નવનવ નનામીઓ આ રસ્તેથી સ્મશાન તરફ નીકળી. ત્યારે અનેક લોકોને શ્રીજી મહારાજનો અપાર મહિમા સમજાયો અને પૂજય શાસ્ત્રી ધર્મજીવનદાસજી સ્વામીના અલૌકિક સામર્થ્યનો ખ્યાલ આવ્યો.

ગ્રહણની ગતિ ફેરવનારા યોગીરાજ સદ્‌ગુરૂ શ્રી ગોપાળાનંદ સ્વામી જેવા સામર્થ્યવાન સંતોના અનેક પ્રસંગો સંપ્રદાયના ઈતિહાસના પાને લખાયેલા છે. એવી જ રીતે કાળની ગતિ ફેરવનાર સંતોના અનેક પ્રસંગો ઈતિહાસનાં પાને લખાયેલા છે. એવી જ રીતે કાળની ગતિ ફેરવાનારા પૂજય શાસ્ત્રીજી મહારાજ જેવા સમર્થ સંતવર્યનું સામર્થ્ય જોનારા સંતો ભકતો આજે એની જીવંત સાક્ષી પૂરે છે.

ત્યાર પછી લગભગ ૭૮ વર્ષ પછી ઈ.સ.૧૯૯૩માં રાજકોટ ગુરૂકુલના પ.પૂ.શ્રી નારાયણપ્રસાદસ્વામીએ અમરેલીમાં એક વર્ષ રહીને ખૂબ સત્સંગને વેગવંતો બનાવ્યો ખૂબજ ઉત્સાહથી કથાવાર્તા દ્વારા નિત્ય નવા આયોજનો કરી ભકતોને સત્સંગને રંગે રંગી દીધા એક મહિના સુધી અખંડ ધૂનના આયોજનો કર્યા.સમૂહમાં અમરેલીથી ગઢપુર પેદલ યાત્રા યોજાઈ હતી.

તેજ સમયમાં ગઢડાથી પૂ. સાંખ્યયોગી શ્રી લીલાબેન મંડળ સહિત આવી પાણી દરવાજા મંદિરના લાભાર્થે ગજેરાપરા પટેલ વાડીમાં સાત દિવસની સત્સંગ શીબીરનું આયોજન કરી બહેનોને સત્સંગનું ઘણું પોષણ આપ્યું હતું. હાલમાં છેલ્લા ઘણા વર્ષોથી અમરેલીમાં સ્થાઈ થઈ. સાંખ્યયોગી લીલાબેન તથા મંડળના બહેનો અમરેલી સત્સંગ સમાજના બહેનોને તથા અમરેલી જીલ્લાના ગામડાઓમાં વિશેષ સત્સંગ પ્રચાર અને પ્રસાર કરી રહ્યા છે.બહેનોમાં સત્સંગ આજે ફાલ્યો ફૂલ્યો છે.

અત્યારે અમરેલીમાં પ.પૂ.ભકિતસંભવ સ્વામીની શુભ પ્રેરણાથી અને અમરેલી સત્સંગ સમાજના સાથ સહકારથી સુંદર શીખરબંધ મંદિર થયું છે. તેની પ્રતિષ્ઠા પ્રસંગે આ પુસ્તીકા છપાવી છે.

શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર, અમરેલી, અમદાવાદ અને સુરત દ્વારા થતી

ધાર્મિક તેમજ સામાજિક પ્રવૃત્તિ

પ્રેરકઃ—પ.પૂ.સાંખ્યયોગી શ્રી લીલાબેન

શ્રી સ્વામિનારાયણ ભગવાને પ્રવર્તાવેલ સર્વજીવ હિતાવહ સંદેશાઓને વિશેષ જતન અને પોષણ માટે મહિલા મંદિરોની તથા આવા સંસ્કાર કેન્દ્રની આવશ્યકતા છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા અનુસાર આ સંપ્રદાયમાં જેમ સંતો ગામડે ફરી મુમુક્ષુ હરિ ભકતોને ઉપદેશ આપી સત્સંગ કરાવે છે તેમજ સાં.યો.બહેનો પણ ગામડે ફરીને મુમુક્ષુ ભાવિક ભકતજન બહેનોને સત્સંગ કરાવે છે.અનેક બહેનોને,બાલિકાઓને,યુવતીઓને જીવનનો સાચો રાહ બતાવી ભગવાનને માર્ગે વાળી ભજન ભકિત કરાવે છે.ને સારા સંસ્કારો આપે છે.**પ.પૂ.સાં.યો.શ્રી લીલાબેન** ઘણા વર્ષોથી આ સત્સંગની ધાર્મિક તેમજ સામાજિક પ્રવૃત્તિ કરી રહ્યા છે.પોતાનું સમગ્ર જીવન માનવ સેવા પરાયણ બનાવી દીધું છે. પોતાની સમગ્ર આધ્યાત્મિક શકિતનો સર્વજીવ હિતાવહ કાર્યમાં સદ્‌ઉપયોગ કરી રહ્યા છે.જેમાંની ધાર્મિક સેવાઓ.તથા સમાજિક સેવાઓ.

- બાલિકા,તથા યુવતી,મહિલાઓના સાંસ્કૃતિક કાર્યક્રમો.
- મહિલાઓના ઉત્કર્ષ ઉત્થાન માટે મહિલા મંડળોની સ્થાપના.
- કલુષિત વાતાવરણથી બચી બચપણથીજ સુસંસ્કારી બને તે માટે બાલિકા મંડળો, યુવતી મંડળોની સ્થાપના તેમજ સંસ્કાર શીબીરો.
- ગામડે ગામડે અને શહેરોમાં સત્સંગ સભાઓ તથા કથા પારાયણો.
- ભજન ભકિત માટે અખંડ ધૂન, મંત્રલેખન તથા કિર્તનભકિતના આયોજનો.
- દર એકાદશીએ સત્સંગ સભાઓ.
- દર અમાસની મહિલાઓ માટે શ્રીહરિશરણાગત સભા.
- સમૂહ મહાપૂજા તેમજ આદિનારાયણની કથાઓ.

- ભજન ભકિતના વેગ વધારવા માટે મહિલા સત્સંગ વ્યાખ્યાનમાળા ઓના આયોજનો.
- શ્રી સ્વા.સંપ્રદાયમાં વર્ષ દરમિયાન ઉજવાતા ધાર્મિક વિવિધ પ્રકારના ઉત્સવો.
- વિશેષ સત્સંગ માટે સત્સંગ સંવર્ધન સભાઓ સાથે શાકોત્સવ.
- વિદેશ અમેરિકા ,લંડનમાં મહિલાઓના સત્સંગ પોષણ માટે સત્સંગ વિચરણ.
- તુલસી વિવાહ મહોત્સવો એવમ્ યાત્રા પ્રવાસો.
- નૂતન સાહિત્ય પ્રકાશનો તથા વર્ષોવર્ષ નવા કેલેન્ડરોનું પ્રકાશન.
- પૂ.બેને કરેલ કથા તેમજ બ્રહ્માનંદસ્વામીના કિર્તનોની **CD. VCD. MP3.** કેસેટો.
- અમરેલીની શાખા અમદાવાદ તથા સુરત મહિલા સંસ્કાર કેન્દ્રોની સ્થાપના કરેલ.(પૂ.બેનના મંડળમાં એક સાથે ૨૦ બહેનો રહી ભગવાન ભજે છે.)
- ગરીબોને માટે અનાજ વિતરણ, મફત છાશ વિતરણ, વૃક્ષારોપણ, રકતદાન કેમ્પ, સ્ત્રીરોગ નિદાન કેમ્પ,નેત્ર નિદાન, કેમ્પ, હોસ્પિટલમાં ફ્રુટ તથા દવા વિતરણ, ઉકાળા વિતરણ, દુષ્કાળ, અતિવૃષ્ટિ, તથા અનાવૃષ્ટિમાં સહાય વગેરે સામાજિક કાર્યો આ સંસ્થા દ્વારા કરવામાં આવે છે.

–: અમરેલી :–

શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર, કેરીયારોડ ગંગાપાર્ક સોસા.રોકડવાડી
પ.પૂ.સાંખ્યયો. શ્રી લીલાબેન,
ફોન નં.(૦૨૭૯૨)૨૨૫૧૯૯ મો.૯૮૭૯૨૦૮૫૨૬/૨૯

–: અમદાવાદ :–

શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર
૯,દાનેવપાર્ક,નિકોલગામરોડ, બાપુનગર, અમદાવાદ,
પાર્ષદ માયાબેન મો.૯૮૭૯૨૦૮૫૨૭/૨૩

–: સુરત :–

શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર
પ્લોટ નં.૧૮૨, વિ–૩, સ્વાતિ કો.ઓ.સોસાયટી,
ચોપાટીની સામે, ચીકુવાડી, નાના વરાછા
સાંખ્યયોગી રેખાબેન(મોટા) સુરત–૬,મો–૯૮૭૯૨૦૮૫૨૮/ ૨૪

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ.સાંખ્યયોગી શ્રી લીલાબેનની પ્રેરણાથી
શ્રી સ્વામિનારાયણ મહિલા સંસ્કાર કેન્દ્ર અમરેલી,અમદાવાદ
અને સુરત દ્વારા ચાલી રહેલ.

જીવન સુધારણા યજ્ઞ

સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણ મહાપ્રભુએ ગઢપુરથી સંતોને આજ્ઞા કરેલી કે, હે !... મારા વા'લા સંતો તમે ગામડા ફરીને મુમુક્ષુ જીવોને ઉપદેશ આપી ને મોક્ષમાર્ગે વાળો તેમાં અમારો ખૂબ જ રાજીપો છે.

"ત્યારે નાથ કે તારવા જંત રે, દેશો દેશ ફરો બુદ્ધિવંત રે.
પછી મુકતને આપી આગન્યા, તમે ફરો દેશવિદેશ.
દૈવી જીવોને ઉપદેશ કરવા, સંત મંડળ મોકલ્યા ફરવા.
જાઓ ફરવા સંતો ઉર્વી આજ, અરિ તમે જીતીયા.
સંતો સહુ સંપીને રહેજો, ધર્મ સંદેશો સહુને કહેજો.
મમત્વ રાખો ઘરધણી થઈને, સતસંગ વધારો ઉપદેશ દઈને.
વળતા મુનિ એમ બોલિયા, શું શું ધરાવીએ વર્તમાન.
કઈ પેર ભજન કરાવીએ, કઈ પેરે ધરાવીએ ધ્યાન.
ચોરી આદિક નિયમ ધરાવજો, કરી વાતો કથા દેશો દેશ.
....સમૈયે વેલા આવજો."

વહાલા મુમુક્ષુ જનો...! સંપ્રદાયમાં દાખલ થવાનું પહેલું પગતીયું વ્રતમાન ધરાવવા પડે(વિધી સહિત કંઠી બાંધવી તે.)

વ્રતમાન ધરાવીને પછી કંઠી ધારણ કરીએ એટલે આપણા જીવનો સંબંધ ભગવાન સાથે થયો.જીવની જવાબદારી ભગવાન ને માથે લીધી કે હવે આ જીવ મારો થયો.તેને આલોકમાં સુખી કરીનેઅંતે કલ્યાણ કરવું.માટે વ્રતમાન અવશ્ય ધરાવવા જ પડે ,કંઠી પહેરી અને ભગવાનના આશ્રિત થવું જોઈએ.વ્રતમાન એટલે પાંચ નિયમ,દારૂ,માટી,ચોરી,અવેરી,વટલવું વટલાવવું નહિ.

નોંધઃ– માટે સહુ ભકતોએ આ પત્રિકા વાચવી વંચાવવી ને ભકિતમાં વધારો કરવો.આપણે કેટલા નિયમ પાળવા તે વિગત છે તે પણ ખંતથી જીવનમાં ઉતારી ને અમલમાં મુકવાનો આગ્રહ રાખવો.

નીચેના નિયમો પાળવા તે જીવનમાં ખાસ જરૂરી છે.

- દરરોજ સવારમાં માતાપિતા,સાસુ–સસરા,વડીલોને વંદન કરી જય શ્રી સ્વામિનારાયણ કહેવા.
- દરરોજ જનમંગલ,સર્વમંગલ,આદિક પાઠ કરવા.સ્વામિનારાયણ મહામંત્રનું સ્મરણ કરવું ને મંત્રલેખન કરવું.
- માળા કરવી,દંડવત કરવા,પ્રદક્ષિણાઓ કરવી,ધ્યાન કરવું,દરરોજ સવારે પૂજા અવશ્ય કરવી,એક,બે કે પાંચેય માનસી પૂજા કરવી.
- ૨૪ કલાકમાં એકવાર મંદિરે જવું,પૂજામાં કે મંદિરે કિર્તનો બોલવા,કથા કરવી–સાંભળવી તથા સ્વાભાવિક ચેષ્ટા–ઓરડા (નિત્યનિયમ)નાં પદો બોલવા,બે માળા ફેરવીને જ રાત્રે સૂવું.
- વચનામૃત,ભકતચિંતામણી,નિષ્કુળાનંદ કાવ્ય,સ્વામીની વાતો, સત્સંગીજીવન, હરિલીલામૃત, શિક્ષાપત્રી, સત્સંગીની શુભવાર્તાઓ વગેરે ધાર્મિક ગ્રંથોનું વાંચન કરવું.
- એકાદશીએ,હરિજયંતી(સુદી નવમી)એ ફરાળ કે ઉપવાસ કરવો.
- જમતી વખતે મૌન વ્રત રાખવું જેથી સ્વામિનારાયણ મહામંત્રનો જપ થાય.
- ચોરી,નિંદા,પારકી પંચાત ન કરવી.જૂઠું ન બોલવું,અપશબ્દો ન બોલવા.
- કોઈનો દ્રોહ ન કરવો અને સારા મિત્રોનો સંગ કરવો.
- બજારૂ રાંધેલ ખોરાક ન ખાવો,બજારૂ ચા ન પીવી ,ઘરની ચા પણ છોડી દેવી,ડુંગળી,લસણ,ઈંડા,માંસ આદિ અભક્ષ્ય ન જમવું.
- છીંકણી,તમાકુ,બીડી,દારૂ,ટી.વી.,સિનેમા વગેરેનું વ્યસન છોડવું.
- અનીતિ તથા અન્યાયથી ધનનું ઉપાર્જન ન કરવું.

❋ કુટુંબમાં,પડોશીમાં ને ગામમાં સંપથી રહેવું, ક્રોધ તથા ઈર્ષા ન કરવી.તથા સાસુ સસરાની પૂજય ભાવે સેવા કરવી.

❋ રજસ્વલાના ધર્મો પાળવા તથા પળાવવા.

❋ રસોઈ કરતી વખતે ક્રોધ ન કરવો,ભજન કરવું ઠાકોરજી ને થાળ ધરાવીને જ જમવું તથા જમાડવું.

❋ દૂધ, ઘી, તેલ,પાણી, કપડાથી ગાળીને વાપરવા.

❋ સવારમાં સ્નાન કરીને જ સર્વ ક્રિયા કરવી.

❋ બાળકોમાં સારા સંસ્કાર પડે તેવી વાતો કરવી અને મંદિરે તથા બાળ મંડળો માં મોકલવા.

❋ વર્તમાન ધરાવીને કંઠમાં કાયમ બેવડી કંઠી પહેરવી.

❋ ઘરકામ કરતાં કરતાં મૂર્તિના કિર્તનો કંઠસ્થ કરીને બોલવા.

❋ મંત્ર, જંત્ર, વહેમ,પાખંડ, ધતીંગ, દોરા, ધાગા વગેરેમાં પ્રતીતિ ન લાવવી.

❋ આપણા ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન સર્વોપરિ,સર્વેના નિયંતા છે એવી અનન્ય નિષ્ઠા રાખવી.

❋ સાંખ્યયોગી બહેનોના યોગમાં રહેવું તેવી મહારાજની આજ્ઞા છે.

❋ મહારાજની આજ્ઞા અનુસાર દરેક બહેનોએ સાંખ્યયોગી બહેનોના સમાગમમાં રહીને કથાવાર્તાનો યોગ રાખવો જેથી જીવ સત્સંગમાં વૃધ્ધિને પામે.

(સંત સમાગમ કીજે હો નિશદિન સંત સમાગમ કીજે...બ્ર.સ્વામી)

❋ ભગવાનનો મહિમા સમજાવીને બીજા મુમુક્ષુ જીવોને ભગવાન ઓળખાવવા ને સત્સંગમાં જોડવા (વર્ષમાં બે પાંચ નવા સત્સંગી કરવા)

"એહી ધર્મ કે નિયમમેં,વરતો સબ હરિદાસ;
ભજો શ્રી સહજાનંદ પદ,છોડી ઓર સબ આશ."



શ્રી સ્વામિનારાયણ મહિલા મંદિર, કેરિયારોડ, અમરેલી



જ્યા મુળદાસજી
સદાવ્રત ચલાવતા હતા
તે આશ્રમ, અમરેલી



જ્યા મુક્તાનંદસ્વામી
પૂજા અને કથા કરતા હતા
તે અમરાપર ગામનો
ચોરો



વડીઠેબી નદીના કિનારે
રતનબાઈને બચાવી તે કુવો,
અમરેલી